શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહાર

# સંનિધિ

વર્ષઃ ૧૨, અંકઃ૩૨, સપ્ટેમ્બર-૨૦૨૩, શેઠ ચી. ન. વિદ્યાવિહાર, આંબાવાડી, અમદાવાદ-૬. ફોન:૨૬૪૬૩૫૧૧, ૨૬૪૬૩૬૯૬
ઈ-મેઈલ: cndirectorsoffice@cnvidyavihar.edu.in – વેબસાઈટ: www.cnvidyavihar.edu.in

## બાળકનું જીવનઘડતર

બાળકના જીવનઘડતરના આ યજ્ઞકાર્યમાં સૌ પ્રથમ માતા-પિતા અને પરિવાર, સમાજ, રાષ્ટ્ર અને પછી વિશ્વ જ્યારે સક્રિય હોય ત્યારે જ બાળકને જીવનઘડતરનું શિક્ષણ આપી શકાય. બાળકમાં આવું જીવનઘડતર ઉપયોગી શિક્ષણ માત્ર શાળાકીય શિક્ષણ દ્વારા થઈ શકે તેમ નથી, તેથી માતા-પિતાએ બાળકને આ શિક્ષણ આપવા માટેનું સૌ પ્રથમ માધ્યમ બનવાનું છે. જાગૃત માતા-પિતા જ પોતાના બાળક સાથેના સહવાસથી તેનામાં જીવન માટેનો સાચો અભિગમ કેળવી શકે છે. પોતાના કૌટુંબિક, સામાજિક મૂલ્યો, પોતાના વારસાનું ગૌરવ, વિવેક, વિનમ્રતા અને શ્રદ્ધા જેવા સદ્ગુણો ખરેખર તો પોતાના ચારિત્ર્યમાંથી જ ઊપજાવી બાળકમાં તે રોપી શકાય છે. બાળકના જીવનઘડતરમાં ઉપયોગી એવાં મુખ્ય બે પરિબળો (ઉમદા ચારિત્ર્યનિર્માણ તથા શ્રેષ્ઠતમ નીતિમૂલ્યોનું શિક્ષણ) પછી પણ ઘણી એવી ઉપયોગી બાબતો છે જે બાળકના જીવનઘડતરમાં મહત્વની ભૂમિકા ભજવે છે, જે માતા-પિતાએ ખાસ ધ્યાનમાં રાખવા જેવી બાબતો છે.

નિયમિત રીતે બાળક સાથે સમય પસાર કરી, વાતચીત તથા તેના મનોભાવો જાણી બાળકમાં ઘડાતાં વિચારો, માન્યતાઓ અને ગ્રંથિઓથી પરિચિત રહી જરૂર પડ્યે યોગ્ય માર્ગદર્શનથી તેને ખોટા વિચારો અને માન્યતાઓથી બચાવી શકાય છે, કારણ કે બાળકમાં શ્રેષ્ઠતમ ચારિત્ર્યનિર્માણના પાયામાં તેનાં વિચારો તથા માન્યતાઓ મુખ્ય હોય છે, જે તેના આખાયે જીવનનો આધાર છે. કહેવાય છે ને કે, પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય છે. જે વિચારો અને માન્યતાઓ બાલ્યકાળમાં રોપાય છે તે જ વિચારો અને માન્યતાઓના પાયા પર તેનું આખુંયે જીવન ઘડાય છે અને તે પ્રમાણે જ માણસ જીવન જીવવા કટિબદ્ધ થાય છે, કારણકે કોઈપણ કાર્યના મૂળમાં વિચાર રહેલો છે. માણસનું કોઈપણ કાર્ય બે વખત આકાર લે છે, પ્રથમ તેના મનમાં અને પછી બાહ્ય કાર્ય સ્વરૂપે, તેથી સ્વસ્થ અથવા મજબૂત માનસિકતામાંથી એ વિચાર ઉદ્દભવ્યો નહીં હોય તો તેણે કરેલું કાર્ય પૂર્ણરૂપે ખીલી ઊઠશે નહીં, તેથી સૌ પ્રથમ માતા-પિતાની જવાબદારી બને છે કે બાળકનાં વિચારો, માન્યતાઓ તથા ગ્રંથિઓને ધ્યાનમાં લઈ તેને સ્વસ્થ માનસ ઘડવામાં મદદરૂપ થવું જોઈએ.

બાળકના જીવનઘડતરમાં ઉપયોગી તેવી બીજી બાબત તેનામાં ઉત્તમ સર્જનશક્તિનું નિર્માણ કરવું તે છે. આ વિશ્વમાં ઘણી બધી બુદ્ધિપ્રતિભાઓ થઈ ગઈ, તે દરેકે કંઈક સર્જન કર્યું છે, અને આ વિશ્વને પોતાના મહાન સર્જનથી શણગાર્યું છે. દરેક બાળકમાં પણ આ સર્જનતાના કોઈક ને કોઈક અંશો રહેલા જ છે. દરેક બાળકમાં આવી કંઈક ને કંઈક આગવી વિશિષ્ટતાઓ રહેલી છે. માતા-પિતા બાળકની ખૂબ જ નજીક હોય છે તેથી ખૂબ કાળજીપૂર્વક તથા ધ્યાનપૂર્વક જોવામાં આવે તો માતા-પિતા



This image is generated with Ai

પોતાના બાળકમાં રહેલી આ વિશેષતાને ઓળખી તેને બહાર લાવવામાં કે ખિલવવામાં મદદરૂપ થઈ શકે છે. જેમ કવિ કોઈ સારી કવિતા લખે ત્યારે, લેખક કોઈ સારું પુસ્તક લખે ત્યારે, વૈજ્ઞાનિક કોઈ નવી શોધ કરે ત્યારે અથવા તો કોઈપણ સર્જક પોતાનું મહાન સર્જન આ વિશ્વને આપે ત્યારે આપણને અનહદ આનંદ થાય છે, તેવી જ રીતે બાળક કંઈક વિશિષ્ટતા ધરાવતું હશે તો માતા-પિતાને ખૂબ આનંદ થશે. તેથી, દરેક માતા-પિતાએ પોતાના બાળકની આ સર્જનાત્મકતાને યોગ્યતમ રીતે ઓળખી અને તેને ખીલવવામાં મદદરૂપ થવું જોઈએ, અને આ શક્તિને વિકસાવવા માટે તેને પૂરતું પ્રોત્સાહન, તક અને તાલીમ મળતા રહે તે ખૂબ જ જરૂરી છે. બાળકનાં ઉછેર કે કેળવણી ખામી ભરેલાં હોય તો તેની સર્જનશક્તિ મૂરઝાઈ જાય છે, મંદ પડી જાય છે, તેથી આ બાબતે ખાસ ધ્યાન આપવું જરૂરી બની જાય છે.

ડૉ. વૈશાલી શાહ
નિયામક, શેઠ ચી. ન. વિદ્યાવિહાર

**પ્રકાશકઃ- ડૉ. વૈશાલી શાહ**
**સંપાદક મંડળઃ- બિમલ રાવલ, ડૉ. ભગવાન પટેલ, હિતેન્દ્ર ત્રિવેદી, હેતલ મહેતા, તૃપ્તિ રાવલ.**

ઈ-મુદ્રણઃ શેઠ ચી. ન. કમ્પ્યૂટર સેન્ટર, શેઠ ચી. ન. વિદ્યાવિહાર, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬

# ‘વિદ્યાવિહારનું ગૌરવ’



## શ્રી ચિંતન પરીખ (૧૯૭૩ ની બેચ)

૧૩મી જૂન, ૧૯૬૬. સોમવાર. સવારે ૧૦:૪૦ નો સમય. હમણાં જ ઘંટ વાગશે. મિડલ સ્કૂલના પ્રાંગણમાં હું ઊભો છું. આજે વિદ્યાવિહારમાં મારો પહેલો દિવસ છે. જેની ઉત્સાહથી રાહ જોઈ હતી તે ખાદીનો ગણવેશ પહેલીવાર પહેર્યો છે. મને ૫ (અ) ના વર્ગમાં મૂકવામાં આવ્યો છે. ઘંટ વાગે એટલે અમે કતારમાં ઊભા રહીને પ્રાર્થના મંદિર તરફ આગળ વધીએ છીએ. પ્રાર્થનામંદિરમાં મંચ પર ગુરુજનો ગોઠવાય છે. હું પણ પલાંઠી વાળીને મારી કતારમાં બેસી જાઉં છું. સ્ટેજ ઉપર ભાઇલાલભાઇ સાહેબ અને તેમની સાથે બેઠેલું વિદ્યાર્થી ગાયકવૃંદ શ્લોકોચ્ચાર શરૂ કરે છે. પછી ગીત ગવાય છે ‘‘અંગ અંગે રંગછોળે શી રજની ભીંજાય’’. એ આખું અવિસ્મરણીય ચિત્ર આજે પણ આંખ સામે તરવરે છે.

દરરોજ પ્રાર્થનામંદિર માટે ૨૫ મિનિટનો સમય નક્કી હતો. આજે ખ્યાલ આવે છે કે નવ પિરિયડ અને ચાર રિસેસ કરતાં પણ તે ૨૫ મિનિટે મારા જીવનના ઘડતરમાં શું યોગદાન આપ્યું છે. માનવંતા વિખ્યાત મહેમાનો, ઝીણાભાઈ સાહેબનાં સાંપ્રત ઉદબોધનો , ભાઇલાલભાઇ સાહેબ દ્વારા સ્વરાંકન થયેલાં ગુજરાતી ગીતો, શીઘ્ર વકતૃત્વ સ્પર્ધાઓ, ક્યારેક મંચ પર ગરબા, ગાયન, વાદ્યવાદન અને છેલ્લે આચાર્યશ્રી દલાલસાહેબ દ્વારા પળાવવામાં આવતું એક મિનિટનું મૌન.

ધોરણ ૫ થી શરૂ કરીને ૧૯૭૩માં એસ. એસ. સી.ની પરીક્ષા પાસ કર્યા સુધીનાં કિશોરાવસ્થાનાં મારાં સાત અમૂલ્ય વર્ષ વિદ્યાવિહારમાં વીત્યાં. ૧૯૭૧-૭૨માં દસમા ધોરણમાં હું મહામંત્રી તરીકે ચૂંટાયો. દરરોજ ઉદ્યોગ અને રમતના પિરિયડ સાથે શાળામાં સાડા છ કલાક ક્યાં પૂરા થતાં તે ખબર જ પડતી નહોતી. જે દિવસે સી. એન.માં રજા હોય તે દિવસે ઘરમાં ગમતું નહીં અને વેકેશનમાં સ્કૂલ ક્યારે ખૂલે તેની જ હું રાહ જોતો. આ સમય દરમ્યાન જ મેં ટેનિસ રમવાનું શરૂ કર્યું અને ગુજરાત રાજ્યની જુનિયર અને પછીથી સિનિયર ચેમ્પિયનશીપ પ્રાપ્ત કરી. ચાર વર્ષ સુધી ગુજરાત યુનિવર્સિટીની ટૅનિસ ટીમનો કેપ્ટન રહ્યો.

નિર્દોષ આનંદનો જાણે કે એ અમૃત કાળ હતો. ગુજરાતી સાહિત્યના વાંચનની ક્ષિતિજો આ વર્ષો દરમ્યાન ખૂલી. વાંચન અને રમતગમતમાં પ્રવૃત્ત રહેવા છતાં કોણ જાણે તે જમાનામાં અમારી પાસે અભ્યાસનો પણ એટલો જ સમય રહેતો. મને યાદ નથી કે એ સમગ્ર સાત વર્ષમાં મેં મારા પ્રગતિપત્રકમાં કદી મારો પ્રથમને બદલે બીજો ક્રમાંક જોયો હોય.

અત્યારે પણ મને યાદ છે કે ૧૯૭૩ના જાન્યુઆરી માસમાં અમારો એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓનો શાળા તરફથી વિદાયદિન યોજવામાં આવેલો. કોલેજ પ્રવેશની એક અધીરાઇ બધાંનાં મનમાં હાજર હતી. પણ કોઈ અગમ્ય કારણસર મારા મનમાં એક ઉદાસી હતી. હું જાણતો હતો કે હવે પછી આટલાં પ્રસંગસભર અને નિર્દોષ સાત વર્ષ ફરીથી જિંદગીમાં ક્યારેય નહિ આવે. એ દિવસે સમી સાંજે પ્રાર્થનામંદિરની સામેના ચોગાનમાં ભારતનો એક વિશાળ નકશો અંકિત કરવામાં આવ્યો હતો. અમે હાથમાં મીણબત્તી લઈને એ નકશાની દોરેલી ધાર પર ઊભા રહ્યાં. કવિશ્રી સ્નેહરશ્મિ લિખિત અવિસ્મરણીય વિદ્યાવિહાર ગીત ‘‘અમે નમીએ તને ચિરસાથી..’’ ગવાયું અને અમે સૌ વિખરાયાં. કદાચ હંમેશ માટે.

એસ. એસ. સીનું પરિણામ આવ્યું તે દિવસે છેલ્લી વાર વિદ્યાર્થી તરીકે સી. એન.માં આવવાનું થયું. શાળામાં પ્રથમ ક્રમાંક અને અમદાવાદ સેન્ટરમાં સાતમા સ્થાન માટે મને સ્કૂલનું ગૌરવવંત માણેકબા પારિતોષિક મળ્યું . આ સમગ્ર સાત વર્ષ દરમ્યાન હું ગુજરાતી માધ્યમમાં ભણ્યો. તે પછી અંગ્રેજી માધ્યમમાં જ ભણવાનું થયું. પણ સી. એન.નો પાયો જ એટલો મજબૂત હતો કે અર્થશાસ્ત્ર સાથે સ્નાતક થવાથી શરૂ કરીને, એમ. બી. એ. થવામાં ક્યાંય અવરોધ ના આવ્યો. કોલેજમાં અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ હોવા છતાં ગુજરાતી સાહિત્ય પ્રત્યેનો લગાવ વધતો જ રહ્યો અને મેં ગુજરાતીમાં ગઝલો લખવાનું શરૂ કર્યું જે શોખ આજે પણ નવરાશની પળોમાં પૂરો કરી લઉં છું.

હું ૨૫ વર્ષનો હતો ત્યારે આશિમા લિમિટેડની શરૂઆત કરી. ૨૯ વર્ષની યુવાન વયે, ૧૯૮૬માં રાષ્ટ્રીયકૃત બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં કેન્દ્રીય નાણા મંત્રાલય દ્વારા મારી નિયુક્તિ થઈ. ત્રણ વખત અમદાવાદ ટેક્સટાઈલ મિલ્સ એસોસિએશનના પ્રમુખ તરીકે હું ચૂંટાયો. વર્ષ ૨૦૦૩માં ભારતની સર્વોચ્ચ ટેક્સટાઈલ સંસ્થા, કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીઝના, ૬૪ વર્ષના ઈતિહાસમાં સૌથી યુવા અધ્યક્ષ તરીકે ચૂંટાયો. નવ વર્ષ સુધી હું, એશિયાની ટોચની મેનેજમેન્ટ સ્કૂલોમાંની એક એવી અમદાવાદની ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટના બોર્ડ ઑફ ગવર્નર્સના સભ્ય તરીકે રહ્યો. એક સમયે આ જ ઇન્સ્ટિટ્યૂટમાં હું વિદ્યાર્થી હતો. ૨૦૧૦માં હું ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ અને ઇન્ડસ્ટ્રીનો પ્રમુખ બન્યો અને આ સંસ્થાને નવું બંધારણ આપ્યું. ગુજરાત સ્ટેટ ટેનિસ અસોસિએશનનો છેલ્લા દસ વર્ષથી હું પ્રમુખ છું અને ઓલ ઈન્ડિયા ટેનિસ એસોસિએશનનો છેલ્લા પચીસ વર્ષથી ઉપપ્રમુખ છું. હાલમાં હું ગુજરાત કેન્સર સોસાયટીના ઉપપ્રમુખ તરીકે અને નિરંજન ભગત મેમોરિયલ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે સેવા આપું છું. મારી પત્ની શેફાલી પણ વિદ્યાવિહારની પૂર્વ વિદ્યાર્થીની છે.

છેલ્લે, વિદ્યાવિહાર પ્રત્યેનું અપ્રતિમ ઋણ મારી લખેલી એક ગઝલના બે શેરથી વ્યક્ત કરું છું.

એ જ સ્વજનો, એ ફરી વાતાવરણ ના પણ મળે

ક્યાંક ડાબે હાથ મૂક્યાં સંસ્મરણ ના પણ મળે

શક્ય છે આગળ મળે વરસાદભીની છાલકો

કાલથી આ રેતનાં મુશ્કેલ રણ ના પણ મળે

ચિંતન પરીખ

# પૂર્વ વિદ્યાર્થીઓની સિધ્ધિઓ



## જગત કીનખાબવાલા

1972 Old SSC

**"Sparrowman"**

Nature Conservationist & Author.

વર્ષોથી સફળતાપૂર્વક ''સેવ ધ સ્પેરો'' ઉપર કામ કરી રહ્યા છે અને દેશ અને દુનિયામાં લોકો તેમને પર્યાવરણના એજ્યુકેશનના વાર્તાલાપ માટે બોલાવે છે અને લોકોમાં જાગૃતિ લાવી કુદરત સાથે ફરી પાછા જોડવાનું અભિયાન ચલાવી રહ્યા છે. તેઓ સ્પેરોમેન ઓફ ઇન્ડિયાના નામે ઓળખાય છે. વિવિધ પ્રકારના સામાજિક કાર્ય થકી તેઓ સરાહનીય કામ કરી રહ્યાં છે.

૨૦૧૭ ના વર્ષથી ''મન કી બાત'' કાર્યક્રમથી તેમની પ્રવૃત્તિનો વ્યાપ વધતો ચાલ્યો છે. છેલ્લા થોડા સમયમાં તેમને અનેક એવોર્ડ, વક્તવ્ય અને સન્માન પ્રાપ્ત થયા છે. લેખક તરીકે ''સેવ ધ સ્પેરો'' (૪) વોલ્યૂમ અને હવે ''बेहतरीन Birds '' - (૫) ટૂંક સમયમાં લોકો સમક્ષ મુકાશે.

હમણાના થોડા ઉલ્લેખનીય એવોર્ડ્સ જોઈએ તો, ''૧૦૦ માં મનકી બાત'' કાર્યક્રમમાં દિલ્હીમાં ''તપસ્વી'' તરીકેની ઓળખ પામી વિજ્ઞાન ભવનમાં વક્તવ્ય આપ્યું અને દેશના સહુથી નામાંકિત લોકોએ તેમને સાંભળ્યા અને મળવાનો મોકો મળ્યો. ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધાનકડ, ગૃહમંત્રી શ્રી અમિત શાહ, પ્રસારણમંત્રી શ્રી અનુરાગ ઠાકુર અને ટેલિકોમમંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ અને અનેક નામાંકિત લોકો હાજર હતા.

પ્રેસિડેન્ટ ઓફ ઇન્ડિયા શ્રી દ્રૌપદી મુર્મૂજીના મહેમાન તરીકે રાષ્ટ્રપતિ ભવનની મુલાકાત લીધી. G20 Summit - ભોપાલમાં ''કર્મવીર'' તરીકે ઉદ્દ્બોધન કર્યું. ગુજરાતમાં એપ્રિલ, ૨૦૨૩માં માનનીય રાજ્યપાલશ્રી દેવવ્રત આચાર્યજીના વરદ હસ્તે તેમનું બહુમાન થયું. ગવર્નર હાઉસમાં સન્માનિત થયા અને ત્યાર બાદ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે ખેશ ઓઢાડી અને એવોર્ડ આપવામાં આવ્યો. Greenprenure Changemaker એવોર્ડ, "95HT Achiever's - Hindustan Times -Radio 95" દ્વારા એવોર્ડથી સન્માનિત થયા છે. શેઠ સી.એન. વિદ્યાવિહારમાં તેઓ Alumnus તરીકે સહયોગ આપી રહ્યા છે.

## ચન્દ્રયાન-૩ની સફળતામાં પૂર્વ વિદ્યાર્થીની જલધિ દેસાઇ-૧૯૯૬ની બેચ (ISRO, અમદાવાદ)નું મહત્વપૂર્ણ યોગદાન

તા:.૨૩.૮.૨૦૨૩, ભારતના ઈતિહાસમાં આ દિવસ સુવર્ણ અક્ષરે લખાઈ ગયો છે. ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતરનાર ભારત પ્રથમ દેશ બની ગયો છે. ૧૪૦ કરોડ ભારતીયોના સ્વપ્નને લઈને ઊડેલ ISROના ચન્દ્રયાન-૩ એ ૪૧ દિવસની સફર પછી ચંદ્ર પર સફળતાપૂર્વક ઉતરાણ કર્યું છે. આ સાથે જ ISROની સ્થાપના કરનાર ભારતના અંતરિક્ષ વિજ્ઞાનના પ્રણેતા- Father of the Indian Space Program 'પદ્મવિભૂષણ' અને વિદ્યાવિહારના પૂર્વ ટ્રસ્ટી ડૉ. વિક્રમ સારાભાઈને આ અભૂતપૂર્વ સિદ્ધિ બદલ યાદ કરીએ. આ સાથે તેમનું સ્વપ્ન સિદ્ધ થયું છે. તેમના નામથી lander નું નામ 'વિક્રમ' રાખવામા આવ્યું હતું.

વિદ્યાલયના ઘણા વિદ્યાર્થીઓ - વૈજ્ઞાનિકો અમદાવાદ, ISRO માં ઉચ્ચ સ્થાનોએ કાર્યરત છે. જેમાના એક એવા શેઠ સી.એન.વિદ્યાલયના ૧૯૯૬ની બેચના વિદ્યાર્થીની જલશ્રી દેસાઇનું ચન્દ્રયાન-૩ મિશનમાં મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. તેઓ Designing Camera ના ટીમ લીડર હતા. She worked for Lender Position Detection Camera which was the eyes of camera. અનેક વૈજ્ઞાનિકો, પ્રોજેક્ટ મેનેજરો, ટીમ લીડરો, ગ્રાઉંડ લેવલના કર્મચારીઓના વર્ષોના અથાગ પરિશ્રમના પરિણામ સ્વરૂપ ભારતના ચન્દ્રયાન-૩ એ સફળતાપૂર્વક ચંદ્રની ધરતી પર ઉતરાણ કર્યું છે. વિદ્યાવિહાર પરિવાર ભારતની આ જ્વલંત સિદ્ધિ પર ગૌરવ અનુભવવા સાથે વિદ્યાલયના વિદ્યાર્થીની જલશ્રી દેસાઈને હાર્દિક અભિનંદન પાઠવે છે, અને ભવિષ્યમાં પણ ભારત અંતરિક્ષ વિજ્ઞાન ક્ષેત્રે અનેક સિદ્ધિઓ હાંસલ કરે એવી શુભેચ્છાઓ પાઠવે છે.

# શ્રી અરુણા આર. શાહ દ્વારા કન્યા છાત્રાલયને મહત્તમ સહયોગ

શ્રી અરુણા શાહ. વિદ્યાલયના૧૯૬૨ની બેચના વિદ્યાર્થિની. તેઓએ ધોરણ ૫થી ૧૧ સુધી છાત્રાલયમાં રહી શાળામાં અભ્યાસ કર્યો હતો. તેમના જ શબ્દોમાં કહીએ તો તેઓ માતૃસંસ્થામાથી શિસ્ત, નીતિમય જીવન, સંતોષી જીવન અને સુખનું સરનામું મેળવી શક્યા છે. શાળા જીવન દરમ્યાન સંપથી રહેવાનુ, પરસ્પર પ્રેમભાવ રાખવો, એકબીજાના કામમાં મદદરૂપ થવાની ભાવનાનાં પાઠ શીખવવામાં આવ્યા હતા. તેથી કુમાર કે કન્યા છાત્રાલયમાં ભણેલ દરેક છાત્ર તેની જિંદગીમાં ક્યારેય પાછો પડતો નથી. એટલેકે ક્યારેય યાચક બનીને જીવવાનું પસંદ કરતો નથી. તેઓ અંગત દૈનિક જીવનમાં આજે પણ જૈન આચાર-વિચારને વરેલ છાત્રજીવનને હમેશા ચુસ્તપણે અનુસરે છે.

તેઓ ઇન્દુમતીબહેનની અતિ નિકટ હતા. તેઓએ કન્યા છાત્રાલય માટે ગૃહમાતાની જગ્યા માટે ઉષા શાહનું નામ સૂચવ્યું હતું. ઉષા શાહ જે વિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થીની છે. તેઓ ગૃહમાતા તરીકે આજે લગભગ ૩૭ વર્ષથી નિષ્ઠાપૂર્વક કામગીરી કરી રહ્યા છે અનેક વિદ્યાર્થિનીઓને તેઓએ છાત્રાલયમાં માતાની હુંફ પૂરી પાડવા સાથે તેઓનો અભ્યાસની સાથે સર્વાંગી વિકાસ થાય તેની મહત્તમ કાળજી રાખી છે, અને અરુણબહેનના સૂચનને સાર્થક ઠરાવ્યું છે. છાત્રાલયમાં અભ્યાસ કરેલ હોય તેમને કન્યા છાત્રાલય માટે વિશેષ લગાવ હોય એ દેખીતું છે. તેઓએ અને તેમના પુત્ર રિપલ શાહે કન્યા છાત્રાલય માટે ૧ લાખ US$નો સહયોગ આપ્યો છે. આ રકમમાથી કન્યા છાત્રાલયના મકાનનું રિનોવેશન કરવામાં આવશે, તેમજ શૈક્ષણિક તેમજ અન્ય સુવિધાઓ ઉપલબ્ધ કરી શકાશે. આજ સુધી વિદ્યાવિહારને મળેલ આ સૌથી મહત્તમ સહયોગ છે. વિદ્યાવિહાર પરિવાર તેમની સંસ્થા પ્રત્યેની આ લાગણીને બિરદાવે છે અને તેમનો હૃદયપૂર્વક આભાર માને છે. આ પ્રકારની કામગીરીથી આજના વિદ્યાર્થીઓને પણ તેમની માતૃસંસ્થા સાથે ભવિષ્યમાં જોડાઈને રહેવા માટે પ્રેરણા મળી રહેશે.

હેતલ મહેતા, ARO, શેઠ ચી. ન. વિદ્યાવિહાર

# વિદ્યાવિહારની વિકાસયાત્રામાં પૂર્વ વિદ્યાર્થીઓનું જોડાણ

**૧) Alumni Committeeના માર્ગદર્શનમા વિદ્યાવિહારમાં Counsellor Centreની શરૂઆતઃ**

સહર્ષ જણાવવાનું કે તા. ૧.૮.૨૦૨૩ થી વિદ્યાવિહારમાં Counsellor Centreની શરૂઆત થઈ ગઈ છે. આપ જાણો છો તેમ કોરોના મહામારી પછી વિદ્યાર્થીઓમાં શિક્ષણ, વર્તણૂક, ભાવનાત્મક, સ્વભાવગત, શારીરિક તેમજ માનસિક સ્વાસ્થ્યને લગતા વિવિધ પ્રશ્નો ઉપસ્થિત થયા છે. જેના નિવારણ માટે વિદ્યાવિહારમાં જ એક Counsellor Centreની શરૂઆત કરવાનું ટ્રસ્ટી મંડળ દ્વારા નક્કી કરવામાં આવ્યું હતું. Counsellor તરીકે ડૉ. ગીતા ડોડિયાની નિમણૂક થઈ છે.

સી. એન. વિદ્યાલયના જ ૧૯૬૦ની બેચના alumna Dr.Bindu Prasad (Sr.Counsellor and Special Educator LSAB & LSAYL). શ્રી બીના હાંડા ૧૯૬૮ની બેચ (Founder Poiesis Achievement Foundation) અને સ્મૃતિ ડાગુર ૧૯૬૫ની બેચ (Ex-president of Institute of Electronics & Telecommunications Engineers -IETE) સભ્યોએ સક્રિય રસ લીધો હતો.

**૨) Alumna સ્મૃતિ ડાગુર(૧૯૬૫ની બેચ) દ્વારા ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ગણિત અને અંગ્રેજીના વિશેષ ક્લાસઃ**

શ્રી સ્મૃતિ ડાગુર દ્વારા જુલાઇ ૨૦૨૩થી શાળા સમય પછી અભ્યાસમાં નબળા વિદ્યાર્થીઓ માટે અઠવાડિયામાં ૨ દિવસ ગણિત અને ૨ દિવસ અંગ્રેજીના એમ કુલ ૪ ક્લાસ લેવામાં આવે છે. જેનો વાલીઓ દ્વારા હકારાત્મક પ્રતિસાદ મળ્યો છે.

**૩) Alumna શ્રી બીના હાંડા (૧૯૬૮ની બેચ) દ્વારા ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે શરૂ કરાયેલ વિદ્યાર્થી વિકાસ વર્તુળનું વિસ્તરણઃ**

શ્રી બીના હાંડા દ્વારા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ કેળવાય અને તેમનો સર્વાંગી વિકાસ થાય, તેની વિચારવાની, અભિવ્યક્તિ પ્રત્યે આત્મવિશ્વાસ કેળવાય અને તેની ક્ષમતાનો વ્યાપ વધે એ હેતુથી 'વિદ્યાર્થી વિકાસ વર્તુળ'અંતર્ગત ગત માર્ચ ૨૦૨૨ થી કલાસ શરૂ કરવામાં આવ્યા હતા જેમાં વાલીઓના હકારાત્મક પ્રતિસાદ બાદ તેનો વ્યાપ વધારતા જૂન ૨૦૨૩થી હવે બે અલગ ગ્રુપમાં આ ક્લાસ લેવામાં આવે છે.

**૪) સી.એન. Dr. alumni groupના ડોક્ટરો દ્વારા છાત્રાલય, કિશોર વિદ્યાલય તેમજ અંગ્રેજી માધ્યમ શાળા માટે સ્વાસ્થ્ય સબંધિત માર્ગદર્શન**

- સી.એન. Dr. alumni groupના ડોક્ટરો દ્વારા છાત્રાલયના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ માટે Health & Hygeine અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં ડૉ. નિતિશ વોરા, ડૉ. ધૈવત શુક્લ, ડૉ. ખુશ્બુ શાહ, ડૉ. શાલિન શાહ ડૉ. પાર્શ્વ શાહે સ્વાસ્થ્ય અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ સમયે સંસ્થાના ટ્રસ્ટી શ્રી એસ.કે.શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થિનીઓને ડૉ. ખુશ્બુ શાહે અલગથી તેમના મૂંઝવતા પ્રશ્નો અંગે માર્ગદર્શન આપ્યું હતું.
- સી.એન. Dr. alumni groupના ડૉ. રુચિ મહેતા દ્વારા કિશોર વિદ્યાલય અને અંગ્રેજી માધ્યમ શાળાના વિદ્યાર્થી માટે એક વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. તેઓએ વિદ્યાર્થીઓને Health & Hygeineના મહત્વ અંગે સમજાવ્યું હતું.

હેતલ મહેતા, ARO, વિદ્યાવિહાર

# સ્નેહરશ્મિ પ્રાર્થના મંદિરમાં ગાંધીજી-કસ્તુરબાના શિલ્પનું પુનઃ સ્થાપન



વિદ્યાવિહારના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો, કર્મચારીઓના હૃદયમાં સ્નેહરશ્મિ પ્રાર્થના મંદિરનુ એક વિશેષ સ્થાન રહેલું છે. શિક્ષણની સાથે પ્રાર્થના મંદિરમાં અનેક વિશેષ અગ્રણી મહેમાનોના વક્તવ્ય દ્વારા વિદ્યાર્થીઓનું ઉચ્ચ ચારિત્ર્ય ઘડતર થયું છે. દરેક ક્ષેત્રમાં વિવિધ વિષયો પર વિદ્યાર્થીઓને મૌલિક અભિવ્યક્તિની તક પ્રાર્થના મંદિરના stage પર ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

તારીખ ૧૭-૨-૧૯૭૦ના રોજ ગુજરાતનાં રાજયપાલ શ્રીમન્નારાયણના હસ્તે સ્નેહરશ્મિ પ્રાર્થના મંદિરમાં ગાંધીજી અને કસ્તુરબાના શિલ્પનું અનાવરણ કરવામાં આવ્યું હતું. જાણીતા સામાજિક કાર્યકર અને શ્રી ઝીણાભાઇ દેસાઈના પત્ની વિજયા દેસાઇએ આ સુંદર શિલ્પ બનાવ્યું હતું. આજીવન ગાંધીજીની પાછળ કસ્તુરબા એક મહત્વનુ પીઠબળ બની રહ્યા હતા. આ શિલ્પ સમય જતાં ખંડિત થઈ ગયું હતું. જેના વગર પ્રાર્થના મંદિર સૂનું ભાસતું હતું.

શેઠ સારાભાઇ મગનભાઇ ટ્રસ્ટ ફંડના ચેરમેન શ્રી સુહૃદ સારાભાઇના વિશેષ પ્રયત્નોથી આ શિલ્પ ફાઇન આર્ટસ્‌ના Visiting Faculty શ્રી દેવાંગ વ્યાસે વિદ્યાર્થીઓની મદદથી બનાવ્યું હતું. જેનું પ્રાર્થના મંદિરમાં પુનઃ સ્થાપન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાલયના ૧૯૬૭ની બેચના Alumnus અને ગાંધી આશ્રમના ટ્રસ્ટી શ્રી નીતિન શુક્લ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ ગાંધીજીના જીવન વિષે ઘણી મહત્વપૂર્ણ વાતો કહી હતી અને વિદ્યાવિહારમાથી મેળવેલ મૂલ્યનિષ્ઠ કેળવણીના પોતાના જીવનની સફળતામાં રહેલ મહત્વના પ્રદાન બદલ સંસ્થા પ્રત્યે ઋણ વ્યક્ત કર્યું હતું.

હેતલ મહેતા, ઇન્ચાર્જ, શેઠ ચી. ન. સ્મૃતિ કેન્દ્ર

# વિશ્વ શિક્ષક ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણન



ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ ૫મી સપ્ટેમ્બર ૧૮૮૮માં એક તેલુગુભાષી બ્રાહ્મણ પરિવારમાં તમિલનાડુના મદ્રાસ પાસેના તિરૂતુની નામના ગામમાં થયો હતો. ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણને પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ પોતાના વતનમાં લીધું હતું. ઉચ્ચ શિક્ષણ લેવા તેઓ મદ્રાસ ગયા હતા. ૨૧ વર્ષની ઉંમરે તેઓ મૈસોર યુનિવર્સિટીમાં તત્વજ્ઞાનના પ્રોફેસર બન્યા હતા. ૧૯૩૧માં તેઓ આંધ્ર યુનિવર્સિટીના ઉપકુલપતિ બન્યા હતા. ઈ.સ. ૧૯૪૮માં તેઓ યુનિવર્સિટી શિક્ષણ પંચમાં નિયુક્ત થયા. આ પંચ રાધાકૃષ્ણન પંચ તરીકે ઓળખાય છે. ૧૯૬૨માં તેઓ ભારતના રાષ્ટ્રપતિ બન્યા.

ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણને ૧૬ વર્ષની ઉંમરે શિવાકામુ સાથે લગ્ન કર્યા હતા. તેમને પાંચ પુત્રીઓ અને એક પુત્ર હતા. ડો. રાધાકૃષ્ણનના પિતા સર્વપલ્લી વીરાસ્વામી અને માતા સીતમ્મા હતા. બાળપણથી જ ડો. રાધાકૃષ્ણન હોંશિયાર હતા. નાની ઉંમરે જ તેમને સ્વામી વિવેકાનંદ અને વીર સાવરકરને વાંચ્યા અને તેમના વિચારોને આત્મસાત કર્યા. કોલેજની નોકરીની સાથે સાથે તેઓ લેખનકાર્ય પણ કરતા કેટલાક સાંપ્રત સામયિકોમાં તેઓ ફિલોસોફી વિશે પર લેખ લખતા. તેમનું સૌથી પહેલું પુસ્તક ' ધ ફિલોસોફી ઓફ રવીન્દ્રનાથ ટાગોર ' હતું. વર્ષ ૧૯૨૩માં તેમનું પુસ્તક'' ભારતીય દર્શનશાસ્ત્ર પ્રસાદ'' પ્રકાશિત થયું. આ પુસ્તકને શ્રેષ્ઠ દર્શનશાસ્ત્ર સાહિત્યની ખ્યાતિ મળી.

ડો. રાધાકૃષ્ણને કહ્યું હતું કે મારી જિંદગીના ૫૦ વર્ષ સુધી હું શિક્ષક રહ્યો છું. અને રાજ્યસભા હોય કે આજે અહીં હજુ મારું શીખવાનું ચાલે છે. તેમણે આજીવન શિક્ષણચિંતન, સંસ્કાર (સંસ્કૃતિ) સુધારા અને સંસ્કાર પ્રચારનું કામ કર્યું હતું. તેમનું અંગત જીવન સાદગીભર્યું અને સુઘડ હતું. તેમના જીવન પર વિવેકાનંદ, ટાગોર અને ગાંધીજીની અસર હતી. તેઓ કાર્યશીલ વિદ્વાન હતા. તેમનો પિંડ શિક્ષકનો એટલે તે આજીવન વિદ્યાર્થી રહ્યો અને વિશ્વના ઉત્તમ અધ્યાપકોમાંના એક તેજસ્વી ભારતીય તરીકેની તેમની સુવાસ દુનિયામાં પ્રસરી અખંડ અધ્યયન-અધ્યાપન એ એમના આત્માનું સ્વાભાવિક વલણ હરહંમેશ રહ્યું હતું.

● ડૉ.રાધાકૃષ્ણનના મતે શિક્ષણચિંતન :-

ડૉ. રાધાકૃષ્ણનનું પ્રદાન ભારતીય ચિંતનના ઇતિહાસમાં ઘણું નોંધપાત્ર છે. યૌવનના ઉંમરેથી માંડી જ્ઞાનવાન જીવનના અસ્ત સુધીનું એમનું જીવન ધર્મ અને માનવધર્મની તલસ્પર્શી વ્યાખ્યા માનવજાતના હૃદય સુધી પહોંચાડવામાં વ્યતિત થયું છે. એટલું જ નહીં પણ તેમને પોતાની વ્યાખ્યાનું ધાર્મિક જીવન જીવી બતાવ્યું છે. એ રીતે જીવતા શીખ્યું છે; એમ કહી શકાય ૧૯મી સદીના ભારતને સ્વામી રામકૃષ્ણ પરમહંસ, કવિ રવિન્દ્રનાથ ટાગોર અને કર્મયોગી ગાંધીજીએ સાંસ્કૃતિક નવોત્યાગનો જ પૈગામ આપ્યો, વ્યાપક તત્વજ્ઞાન ડો.રાધાકૃષ્ણને આપ્યું. ભારતીય આધ્યાત્મિક તત્વોને નવું સ્વરૂપ આપવાનો અથવા તેની વ્યાખ્યા કરવાનો પ્રયાસ કર્યો. શિક્ષણ વિશેનું તેમનું ચિંતન જેટલું અપ્રતિમ છે તેટલું જ અપ્રતિકાર્ય છે. કુમળી યુવાન વયે તેમના જીવન કર્મની શરૂઆત જ અધ્યાપકની કારકિર્દીથી થઈ અને એ વ્યવસાયના સોપાનોમાંથી ઝડપથી પસાર થઈ મહાન શિક્ષણશાસ્ત્રીના સ્વરૂપમાં પરિવર્તન પામ્યા.

● ડૉ. રાધાકૃષ્ણનના મતે શિક્ષણ

ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણન શિક્ષણ માટે કહે છે કે ''શિક્ષણ એ નથી જે વિદ્યાર્થીના મગજમાં તથ્યોને બળજબરી પૂર્વક ઠુંસીને ભરે. પણ સાચો શિક્ષક એ જ હોય છે જે વિદ્યાર્થીને આવનાર પડકારો માટે તૈયાર કરે''.

શિક્ષણ માનવનિર્માણનું હોવું જોઈએ. કેળવણીનું કાર્ય માત્ર તજજ્ઞો કે કારીગરોનું નિર્માણ કરવાનું નથી પણ સભ્ય માનવનું નિર્માણ કરવાનું છે. તે માનવતા અને સદ્‌ગુણોનું ઘડતર કરવાનું હોવું જોઈએ. વ્યક્તિ જે જ્ઞાન મેળવે છે તે જ્ઞાન જીવતા જીવન જોડે વણાઈ ગયેલું હોવું જોઈએ. માનવના શિક્ષણનું મહત્વનું ધ્યેય ચારિત્ર્ય ઘડતરનું છે. ચારિત્ર્ય વિકાસ પર સમાજ અને રાષ્ટ્રનો વિકાસ નિર્ભર છે. ડો. રાધાકૃષ્ણનના મતે શિક્ષણની સંકલ્પના જોઈએ તો બાળકો પ્રશ્ન પૂછતા થાય, શોધક મનવાળા થાય, પુષ્કળ જિજ્ઞાસાવૃત્તિ તેમનામાં પેદા થાય, નવી નવી વસ્તુઓ શીખે અને સર્જનશીલ બને તેવું શિક્ષણ હોવું જોઈએ.

● ડૉ. રાધાકૃષ્ણનના મતે શિક્ષકની ભૂમિકા

ઈ.સ. ૧૯૬૪માં પોતાના જન્મદિને શિક્ષકોને સંદેશ આપતા કહ્યુ હતું કે, 'રાષ્ટ્રના વિકાસમાં શિક્ષકોનું મહત્વ સવિશેષ છે નવી પેઢીનો બધો આધાર શિક્ષકો પર છે.'

શિક્ષકે વિદ્યાર્થીઓ પ્રત્યે પ્રેમ અને આનંદથી વર્તવું જોઈએ. વિદ્યાર્થી ડર્યા વગર શિક્ષકને મળી શકવો જોઈએ. શિક્ષકના વ્યક્તિત્વના સ્પર્શથી વિદ્યાર્થીના જીવનમાં પરિવર્તન આવે છે. શિક્ષક બાળકોનો મિત્ર અને માર્ગદર્શક બની રહેવો જોઈએ. શિક્ષકને બાળકના સ્વતંત્ર વ્યક્તિત્વ વિકાસમાં રસ હોવો જોઈએ. તેમનામાં પ્રેમ,કરુણા , ઓદાર્ય, સહાનુભૂતિ, સાહસ અને નિર્ભયતા જેવા ગુણો હોવા જોઈએ.

● ડૉ.રાધાકૃષ્ણનના મતે શિક્ષણ સંસ્થાઓની ભૂમિકા

ડૉ.રાધાકૃષ્ણનના મતે શિક્ષણ સંસ્થાઓની બાળકોના સર્વાંગી વિકાસમાં વિશિષ્ટ ભૂમિકા છે. તેમણે નિહાળ્યું હતું કે-

શિક્ષણ સંસ્થાઓ માત્ર કર્મકાંડી બની ગઈ છે તે નિર્જીવ અને સ્થગિત છે તેમાં પ્રવેશ મેળવવો સહેલો છે પણ કેળવણી મેળવવી અઘરી છે.

શિક્ષણ સંસ્થાઓમાં ચાલતા કાર્યક્રમો એકવિધ અને સ્થગિતતા કે જડતા ભર્યા છે. છતાં રાષ્ટ્રનું ઘડતર અને ચણતર શિક્ષણ સંસ્થાઓમાં થાય છે.

શિક્ષણ સંસ્થાઓમાં મુક્ત વાતાવરણ હોય, વ્યક્તિના પ્રસન્ન નિર્બોધિત વ્યક્તિત્વ વિકાસની તકો હોય, જ્યાં ભયનું સામ્રાજ્ય ન હોય, વિચારોનું મતારોપણ ન હોય પક્ષપાત કે પૂર્વગ્રહ ના પક્ષાઘાતથી સંસ્થા પીડાતી ન હોય અને અનેકવિધ પ્રવૃત્તિઓથી ધમધમતી હોય એવી શિક્ષણ સંસ્થા હોવી જોઈએ.

સંદર્ભ- ભારતીય શિક્ષણ ચિંતકોનું શિક્ષણ ચિંતન, યુનિ.ગ્રંથ નિર્માણ બોર્ડ.

ઈતિશા પટેલ ડી. એલ. એડ્. પ્રથમ વર્ષ

# ગ્લાસ આર્ટના આંતરરાષ્ટ્રીય કલાકારોની મુલાકાત

આપણી કલા સંસ્થા શેઠ સી. એન. કોલેજ ઓફ ફાઈન આર્ટસ વારંવાર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત એવા કલાકારોને વિદ્યાર્થીઓ સમક્ષ વાર્તાલાપ માટે આમંત્રિત કરતી હોય છે.પ્રથમ સત્રમાં જૂન મહિનામાં અમેરિકાના ફ્લોરીડા ખાતેના કલાકાર જેરેમાં જેકબ અને મેથ્યુસ પાઈપેનબ્રુકેએ સંસ્થામાં વિદ્યાર્થીઓ સમક્ષ પોતાના સર્જન અને સર્જન યાત્રા અંગે ઓડિયો વિઝ્યુઅલ પ્રેઝન્ટેશન આપ્યું હતું. આ બંને કલાકારોની અભિવ્યક્તિ અને કલાત્મક સર્જનનું માધ્યમ ગ્લાસ છે. ગ્લાસ એટલે કે કાચમાં વિવિધ પ્રકારની ટેકનીક અને પદ્ધતિઓ વડે તેમણે અનેક સંકલ્પનાત્મક શિલ્પો અને આર્ટ ઈન્સ્ટોલેશન કર્યા છે. વિશ્વમાં અનેક સ્થળોએ તેનું નિદર્શન પણ કર્યું છે. તે ઉપરાંત ઈન્ટિરિયર ડેકોરેશનના ક્ષેત્રમાં જેનો કલાત્મક ઉપયોગ છે, તેવા ગ્લાસના સર્જનમાં તેઓએ ઘણું જ કામ કર્યું છે.

આપણા દેશમાં આ બંને કલાકારોએ મુંબઈના જાણીતા રૂરલ મોડર્ન ગ્લાસ સ્ટુડિયો ખાતે પણ ગ્લાસ માધ્યમના પબ્લિક સ્કલ્પ્ચર અને ફર્નિચરના પણ મોટા પ્રોજેક્ટ અનેક જગ્યાએ હાથ ધર્યા છે. ગ્લાસને મોલ્ડ કરીને, કાસ્ટ કરીને તેમજ ગ્લાસ બ્લોઈંગ જેવી પદ્ધતિઓ અજમાવી ને એમાં અપાર કૌશલ્ય પ્રાપ્ત કર્યું છે. આવી પદ્ધતિઓ અંગે તેઓએ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યા. તેઓના વિવિધ સર્જનો સ્ક્રીન ઉપર રજૂ કરવામાં આવ્યા.

ગ્લાસ એટલે કે કાચ આપણે સામાન્ય રીતે બરડ, તૂટી જાય તેવું માધ્યમ માનીએ છીએ. પરંતુ તેમાંથી ઉભા થતા વૈવિધ્યપૂર્ણ આકારો તેમના સર્જનમાં નાવીન્યપૂર્ણ રીતે રજૂ થયા હતા. ગ્લાસ ઉપરાંત સીરામીક, મેટલ કાસ્ટિંગ પદ્ધતિઓમાં પણ તેમણે શિલ્પ સર્જનો કર્યા હતા. તેમના કેટલાક શિલ્પોમાં ધાર્મિક, સામાજિક, આધ્યાત્મિક અને રાજકીય મુદ્દાઓને પણ સંવેદનશીલ રીતે વણી લીધેલા. આ બાબતો અંગે તેમણે પોતાના વિચારો પોતાની કલાકૃતિમાં વ્યક્ત કર્યા હતા.

વળી, કલાના શિક્ષણ અંગેના વૈશ્વિક ધોરણે ચાલતા પ્રવાહો, બાબતો વિશે પણ તેમણે માહિતી આપી. તેઓની સાથે મુંબઈ ખાતેના ગ્લાસ આર્ટના કલાકાર ઈસ્માઈલ પ્લમ્બર, તેમજ અમદાવાદ ખાતેના ગ્લાસ આર્ટના જાણીતા કલાકાર વિજય રોય, ઉપરાંત દેશના જાણીતા શિલ્પકાર અને આપણી સંસ્થાના પૂર્વ પ્રિન્સિપાલ પણ અહીં જોડાયા હતા.

આધુનિક યુગમાં ગ્લાસ એ કલા સર્જનનું વિશિષ્ટ માધ્યમ છે, અને તેમાં અવનવી સંભાવનાઓ અંગે વિદ્યાર્થીઓને ઘણું જ જાણવાનું મળ્યું. ભારતમાં મોગલ સમયથી ગ્લાસ એટલે કે કાચના આગમન અંગેની રસપ્રદ ઐતિહાસિક માહિતી આપી. આ પ્રકારના વિશિષ્ટ વાર્તાલાપ દ્વારા કલાનું શિક્ષણ. વધુ સમૃદ્ધ બને છે, અને ભારતની બહાર વૈશ્વિક ધોરણે ચાલતા નવા પ્રયોગો વિશે પણ જાણવાનું મળે છે. આવા પ્રસંગો અને આંતરરાષ્ટ્રીય કલાકારો આપણે ત્યાં નિદર્શન કરે એ આપણા સૌ માટે ગર્વની વાત છે. સંસ્થાના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ જીતુ ઓઘાણીએ આ પ્રસંગનુ ખાસ આયોજન કર્યું હતું.

ગાયત્રી ત્રિવેદી, શેઠ ચી. ન. કોલેજ ઓફ ફાઈન આર્ટસ્

# ગાંધીબાપુની ઝૂંપડી




આવનાર બીજી ઓક્ટોબરના દિવસે આપણે પ.પૂ. ગાંધી બાપુને તેમના જન્મદિવસે યાદ કરીએ છીએ. પરંતુ, તેમના જીવન સંઘર્ષના ઐતિહાસિક સ્મૃતિ સ્થળની ભાગ્યેજ મુલાકાત લઈએ છીએ. અમે એક વાર દાંડી નામનું સ્થળ જોવા નીકળ્યા હતા. દાંડી પહેલા, નવસારીથી આગળ જલાલપોર નામનું એક ગામ આવે છે. આ ગામમાં મારા એક સમાજબંધુની શાળા છે. શાળા સંચાલક શ્રી અરવિંદભાઈએ અમને તેમની શાળામાં ચા પીવા બોલાવ્યા. ગામના તળાવના કાંઠે, કુદરતી વાતાવરણમાં આવેલી શાળાના મેદાનમાં અમે એક નાની ઝૂંપડી જોઈ. ઝૂંપડી અંગે પૂછપરછ કરતાં સમાજબંધુ શ્રી અરવિંદભાઈએ જણાવ્યુ કે આ 'ગાંધી કુટીર' છે. વધારે નહીં અને ઓછું પણ નહીં, માપસરનું મીઠું રસોઈને સ્વાદિષ્ટ બનાવે છે. જીવનનું પણ આવું જ છે. માપસરનો દરેક વ્યવહાર જ જીવનના મૂલ્યો જાળવી રાખે છે. જીવનના અમૂલ્ય મૂલ્યો જાળવવાની પ્રેરણા આપનાર પ.પૂ. શ્રી ગાંધી બાપુએ સાધારણ મનુષ્યની જરૂરિયાત એવા મીઠા માટે દાંડી કુચ કરી હતી. દાંડી પહોચતા પહેલાની છેલ્લી રાતે અહી હજારો માણસો સાથે પ.પૂ. શ્રી ગાંધી બાપુએ સત્કર્મનો સત્સંગ કર્યો હતો. જે તે સમયના આ ઐતિહાસિક સ્થળ પર ગાંધી કુટીર બનાવીને હાલ આ અમર ઐતિહાસિક સ્થળની જાળવણી કરવામાં આવી રહી છે.

સત્યનો પ્રયોગ કરવા મે ગાંધી કુટીરમાં પ્રવેશ કર્યો. કુટીરમાં બેસીને શાંત મનથી પ.પૂ. શ્રી ગાંધીબાપુને યાદ કર્યા. તેમના સત્કર્મોનું સ્મરણ કર્યું. આ સમયે મે જે સત્યના પ્રયોગની અનુભૂતિ કરી તેનું વર્ણન કરતાં શબ્દો મળી શકે તેમ નથી. આ લેખમાં મારા અનુભવને ટૂંકમાં લખવાનો હેતુ એટલોજ છે કે બીજી ઓક્ટોબરના દિવસે આપણે પ.પૂ. શ્રી ગાંધીબાપુને જન્મદિવસે માત્ર યાદ કરીને જ સંતોષ માન્યા વગર પ.પૂ. શ્રી ગાંધીબાપુની વિચારધારાનું સત્કર્મ કરવા અંગે પણ વિચારવું જોઈએ. ગાંધીબાપુની ઝૂંપડી જે શાળામાં આવેલ છે તે શાળાના સંચાલક શ્રીએ ગાંધી વિચારધારાની ઘણી બધી વાતોમાં એક ટૂંકી પણ ખૂબ અગત્યની વાત કહી કે - રાજકારણમાં શિક્ષણ હોવું જોઈએ. પણ, શિક્ષણમાં ક્યારેય રાજકારણ હોવું હોઈએ નહીં.

શૈક્ષણિક રાજકારણની ના સમજાય તેવી ટૂંકી વાત સમજવાનો નિરથર્ક પ્રયન્ત કરતાં કરતાં અમે ગાંધીબાપુની ઝૂંપડીથી અમારી દાંડી કુચનો પ્રવાસ આગળ વધાર્યો.

કે. આર. ચૌહાણ

શેઠ ચી. ન. ટેક્નિકલ સેન્ટર

## શિક્ષકો માટે Heartfulness Inspire Workshop

વિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થીની શ્રી શેફાલી ચિંતન પરીખના સહયોગથી Heartfulness Centre અડાલજ ખાતે શિક્ષકો માટે INSPIRE નામના ૨ દિવસના પ્રારંભિક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જે મુખ્યત્વે શિક્ષણ પ્રત્યે હૃદય-કેન્દ્રિત અભિગમ, ૨૧મી સદીની શીખવાની શૈલીઓ, હાર્ટફુલનેસ ટેકનિક્સનો અનુભવ અને વિદ્યાર્થીઓને કેવી રીતે શીખવવું તે માટે રચાયેલ એક સંવર્ધન કાર્યક્રમ છે.

શરૂઆતમાં શેફાલી પરીખ અને શ્રી મીતાલી ચક્રવર્તીએ આ વર્કશોપનો હેતુ, શિક્ષકોને મળતા માર્ગદર્શન અને વિદ્યાર્થીઓને મળતા લાભ અંગે વિસ્તૃત સમજ આપી હતી.

શિક્ષકો માટે વ્યક્તિગત વિકાસ, સમગ્ર વર્કશોપની ઝાંખી અને હળવાશ અને ધ્યાનના હાર્ટફુલનેસ સાધનોનો પરિચય આપવા સાથે, તેનાથી હૃદયપૂર્ણ શિક્ષકના ગુણો, સંવેદનશીલતા, વર્ગખંડ વ્યવસ્થાપન પર હકારાત્મક અસરો કઈ રીતે પડશે તેની સમાજ આપવામાં આવી હતી. સુવિધા કૌશલ્યો - શિક્ષણશાસ્ત્રની નવીનતાઓ - જૂથ પ્રવૃત્તિઓ અને કાર્યશાળાઓ - વિશેષ શિક્ષકો, શૈક્ષણિક નિષ્ણાતોની આંતરરાષ્ટ્રીય ટીમ દ્વારા બનાવવામાં આવેલ પદ્ધતિઓ પ્રાયોગિક રીતે દર્શાવવામાં આવી હતી. 'ધ હાર્ટફુલનેસ વે' અભ્યાસક્રમનો પરિચયઆપવામાં આવ્યો હતો. વ્યવહારમાં હૃદયપૂર્વકનું જોડાણ અને ભાવનાત્મક સંતુલન માટે કાયાકલ્પના સાધન પર પ્રાયોગિક સત્ર યોજવામાં આવ્યું હતું.

હાર્ટફુલનેસના સાધન તરીકે અંદરની સંભવિતતાને પ્રગટ કરવા માટે આંતરિક જોડાણનું મહત્વ તેમજ હૃદય કેન્દ્રિત શિક્ષણશાસ્ત્રનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. પ્રેરિત જીવન - નેતૃત્વ, દ્રષ્ટિ અને પ્રેરણા, નેતૃત્વના ગુણો, પ્રેરણા વિરુદ્ધ પ્રેરિત થવા વિશે જાણવું, સકારાત્મક હેતુઓ, નેતા બનવાની ઈચ્છાશક્તિ વગેરે વિષયો અંગે સમજ આપવામાં આવી હતી.

હેતલ મહેતા, ARO, શેઠ ચી. ન. વિદ્યાવિહાર

## ગીત - ''મારો પરિવાર''

મને ગમતો રે ખૂબ ગમતો રે,
વ્હાલો વ્હાલો મારો પરિવાર.
વ્હાલા માં વ્હાલા મમ્મી - પપ્પા બે,
માંગુ હું જે કાઈ તરત જ લાવી દે.
દાદા - દાદી તો સૌથી સવાયા,
ખોબો ભરીને લાડ મને કરતા.
મારો મોટો ભાઈ તો ભાઈબંધ પાકો,
રમતો, જમતો સાથે તોફાનો કરતો.
નાનકડી બેન મારી એવી રૂપાળી,
જાણે આકાશની પરી નાનકડી.
છું હું તો ઘરનો સૌથી લાડકડો,
મમ્મી - પપ્પા, દાદા - દાદી નો બાળકડો.
મને ગમતો રે ખૂબ ગમતો રે,
વ્હાલો વ્હાલો મારો પરિવાર.

દિપીકા સુથાર (મદદનીશ શિક્ષિકા) શેઠ ચી.ન. શિશુવિહાર

## વૃક્ષ એ જ જીવન

આખું વિશ્વ કોરોના વાયરસની ઝપેટમાં આવી ગયું અને કોરોના વાયરસે અત્ર-તત્ર, સર્વત્ર તબાહી મચાવી. કોરોનાની બીજી લહેરમાં આપણને ઓક્સિજન અને ઓક્સિજન માટે થઈને વૃક્ષોનું મહત્વ સારી રીતે સમજાઈ ગયું. વૃક્ષો આપણને જરૂરી પોષક્તત્ત્વોથી ભરપૂર ફળો સાથે સાથે જીવન જરૂરી ઓક્સિજન પણ પૂરો પાડે છે. કોરોનાના દર્દીને ઓક્સિજન લેવલ ઘટતાં હૉસ્પિટલમાં ઓક્સિજનની અછત સર્જાતાં ઓક્સિજનના તાત્કાલિક પ્લાન્ટ ઊભા કરવા પડ્યા, બીજા દેશમાંથી આયાત કરવાની જરૂરિયાત ઊભી થઈ ત્યારે સમજાયું કે ઓક્સિજનની જરૂરિયાત શું છે અને તે જીવને જીવાડવા માટે કેટલો કીંમતી છે.

જીવન જીવવા માટે સૌથી અગત્યની જરૂરિયાત જો કોઇ હોય તો તે છે ઓક્સિજન. એક સર્વે પ્રમાણે કોઈ પણ વ્યક્તિ સરેરાશ એક દિવસમાં ત્રણ સિલન્ડર જેટલો ઓક્સિજન લે છે. એક સિલન્ડર ઓક્સિજનની સબસીડી સિવાયની કીંમત લગભગ રૂપિયા સાતસો થાય એટલે એક વ્યક્તિને એક દિવસમાં રૂપિયા બે હજાર એકસોનો ઓક્સિજન જરૂર પડે. એક વર્ષમાં વ્યકિત ૨૧૦૦×૩૬૫=૭,૬૬,૫૦૦ રૂપિયાનો ઓક્સિજન લે છે. જો વ્યક્તિ સરેરાશ ૭૫ વર્ષનું આયુષ્ય ભોગવે તો તે કૂલ રૂપિયા ૫,૭૪,૮૭,૫૦૦ નો ઓક્સિજન કુદરત પાસેથી મફતમાં લે છે. આ અદ્ભુત દાન આપણને આપણી આસપાસ કુદરતના સર્જન વૃક્ષો દ્વારા મળે છે.

એક વૃક્ષ એક વર્ષ દરમિયાન સો કિલો જેટલો ઓક્સિજન આપે છે. કોરોના કાળમાં જેના લીધે મૃત્યું આંક વધ્યો હતો તે ઓક્સિજન આપણને વૃક્ષો મફતમાં પૂરો પાડે છે એટલે વૃક્ષ એજ જીવન કહી શકાય.

આંબો, લીમડો છે જીવનનો પાયો, ફળો,ગળોના રસથી લોકોને અમૃત પાયું ઔષધીઓનું સરનામું વૃક્ષોમાં સંતાયુ. વૃક્ષોથી જળ, જળથી જીવન, વૃક્ષોથી સુંદર બાગ બગીચાને વન, વૃક્ષો આપે શુધ્ધ હવાને પ્રાણવાયુ. ''માણસ પોતાના સ્વાર્થ અને આનંદ માટે વૃક્ષો કાપતો થયો ત્યારે જંગલો, શહેરો વૃક્ષ વિનાના થયા. વૃક્ષનું મહત્વ સમજાયું જ્યારે જીવન કરમાયું, હવે એજ માણસ આજે ઓક્સિજન માટે તડપતો થયો. આમ, કોરોના આવ્યોને ઓક્સિજનની કીંમત સમજાણી.

વૃક્ષને વાચા ફૂટે અને કહે કે-આજથી હું ઓક્સિજન આપીશ નહી તો શું થાય?

માણસને ક્યાંક વૃક્ષ નડે અને તે કાપી નાખે તેમ છતાં બીજા વૃક્ષો જરાય પણ વેર લેતાં નથી. એતો ચોવીસ કલાક ઓક્સિજન આપે જ છે. વૃક્ષો ભોળા નથી તો બીજું શું? આપણે પણ વૃક્ષો જેવા પરોપકારી અને ભોળા બનીએ તો કેવું?

આમ, વૃક્ષો આપણને લાકડું,ફળો,ઔષધિ જેવી જીવન જરૂરી વસ્તુઓની સાથેસાથે જીવન માટે મહત્વનો ઓક્સિજન પણ પૂરો પાડે છે તેથી તેનું મહત્ત્વ સમજી વૃક્ષ વાવીએ અને ઓક્સિજન મેળવી કોરોનાની સામે રક્ષણ મેળવીએ અને તંદુરસ્ત રહીએ. કવિએ ઉચિત જ કહ્યું છે-

નિજ સ્વાર્થ પોષવા વૃક્ષો થાય કાપાકાપ,
વૃક્ષો વાવીને ફેલાવવી પડશે વનરાજી ;
નહિતર શ્વાસ કાજે કોક'દિ થશે હરાજી .

॥ वृक्षम् शरणम् गच्छामि. ॥

શિલ્પા બી. પટેલ, શેઠ ચી. ન. બાલ વિદ્યાલય

## બાળકના અભ્યાસમાં મા-બાપની જવાબદારી કેટલી?

આજના યુગમાં શિક્ષણ અને ટેક્નોલોજીનો વ્યાપ વધતાં નવા આયામો રચાયા છે. તથા બાળકોના શિક્ષણ અને અભ્યાસને લઈને મા-બાપમાં પણ સ્પર્ધા વધી છે. દરેક મા-બાપની ઈચ્છા હોય છે કે મારું બાળક દરેક ક્ષેત્રમાં આગળ વધે પણ સાથે-સાથે આ પણ ખ્યાલ રાખવો અત્યંત જરૂરી છે કે સારા શિક્ષણ, અભ્યાસ, ભવિષ્ય માટે તથા સાથ-સહકાર માટે મા-બાપે સતત માર્ગદર્શન આપતાં રહેવું એ તેમની જવાબદારી છે.

માતા-પિતાની ફરિયાદ સતત હોય છે કે અમારું બાળક અભ્યાસ કરતું નથી, ગૃહકાર્ય કરતું નથી, આટલી બધી સુવિધા છતાં તેને ભણવામાં મન નથી લાગતું, તોફાન કરે છે. ઘણી વાર માતા-પિતાની અપેક્ષા એવી હોય છે કે સારી સ્કૂલ, ટ્યુશનમાં મૂક્યા પછી અમારું બાળક સારું ભણે. પણ મા-બાપ તરીકે તે જાણવાનો પ્રયત્ન કર્યો છે કે બાળકને શું ગમે છે? આપણી અપેક્ષાનાં પોટલાં બાળક પર થોપ્યા વગર તેની રસ-રૂચિ શું છે તે સમજવા સમય કાઢવો જોઈએ. સમાજમાં ફક્ત ડૉક્ટર, ઈજનેરની જ જરૂર નથી. કલાકારની પણ તેટલી જ જરૂર છે. દરેક ક્ષેત્રની જરૂરિયાત અલગ છે. અને તે માટે દરેક બાળકની પોતાની રૂચિ પણ અલગ છે. તે માટે માતા-પિતાએ બાળકને પ્રોત્સાહન, માર્ગદર્શન આપતાં રહેવું પડે તથા હિંમત પણ આપવી પડે.

બાળકોને સમય આપવો પણ તેટલો જ જરૂરી છે. મા-બાપ બને નોકરી કરતાં હોય છે ઘરે બાળક પ્રત્યે ક્યાંકને ક્યાંક ઓછું ધ્યાન અપાય છે. મેં ઘણી વાર અનુભવ્યું છે કે વાલી કહે છે કે અમે બંને નોકરી કરીએ છીએ સારું ટ્યુશન હોય તો કહોને. પણ મને સતત એમ લાગે છે મા-બાપ આખા દિવસમાંથી બાળક માટે અડધો કલાક પણ ફાળવી ન શકે? ફક્ત ટ્યુશન કે સ્કૂલમાં મૂકી જવાબદારીમાંથી છૂટી જવાનું? ના. શિક્ષક જોડે મળીને પણ ચર્ચા કરવી જોઈએ. બાળક સાથે પણ વાત કરવી જોઈએ.

ઘણાં બાળકો તોફાની હોય અભ્યાસ પર ધ્યાન ઓછું આપતાં હોય તો તેમના માટે સમય કાઢી રમતો રમવી (રમાડવી), પ્રવૃતિઓ કરાવવી, બહાર લઈ જવા, વાર્તા કહેવી, પ્રેરણાદાયક પ્રસંગો કહેવા જેથી બાળકને અભ્યાસમાં રૂચિ કેળવાય.

ઘણા સાહિત્યકાર, મોટા ઉદ્યોગપતિઓ, રમતવીરો દરેકના જીવનમાં મા-બાપનો ફાળો મહત્વનો રહ્યો છે. બાળક સતત માતા-પિતાને ઝંખે છે. આજના આ જમાનામાં નોકરીથી થાકેલા આવેલા માતા-પિતા બાળકને ફોન પકડાવી દે છે. પછી ફરિયાદ કરે છે કે અમારું બાળક કંઈ કહેતું નથી. રમવા નથી જતું. વગેરે. પણ મને એમ થાય તમે સમય કાઢ્યો છે? તમે પૂછ્યું છે કે આખા દિવસમાં શું કર્યું? આ પ્રશ્નો પણ વિચારવા જોઈએ.

''At the end of the day, the most overwhelming key to a child"s success is the positive involvement of parents."" –June D. Hull.

સ્નેહા અવાશિયા
શેઠ ચી. ન. બાલ વિદ્યાલય વિશિષ્ટ વર્ગ

## વિચાર શક્તિ એક ઔષધ

સદવિચાર એક મહાન શક્તિ છે. તમે વિચારો બદલી નાખો, જીવન બદલાઈ જશે, તમારી દુનિયા બદલાઈ જશે. એક પ્રબળ સારો વિચાર અનેક નબળા વિચારોને હણી નાખે છે. તો બીજી બાજુ એક નબળો વિચાર-ખરાબ વિચાર અનેક સારા વિચારોને આવતા રોકી દે છે અથવા તો તેને ટકવા દેતા નથી. સદભાવ અને સદગુણો જ સારા વિચારોને દ્રઢતા આપી શકે છે. તેથી જ સ્વામી વિવેકાનંદે કહ્યું છે''તમે જેવુ વિચારશો તેવા બની જશો'' માટે પોતે જ નક્કી કરવાનું છે કે, મારે શું અને કેવા બનવું છે વિચારો એ મનની ભૂમિમાં રોપાતા બીજ જેવા છે. જેવુ વાવશો તેવું જ ઊગશે, માટે સમજી વિચારીને વિચારોની વાવણી મનમાં કરવી જોઈએ. વિચારો મહાશક્તિ છે માટે હંમેશા હકારાત્મક અને સર્જનાત્મક વિચારો કરવા જોઈએ. પ્રેમનો વિચાર કરો નફરતનો નહીં, આનંદનો વિચાર કરો વિષાદનો નહીં. વિચારો મિત્રો જેવા છે. જેવા વિચારોની મિત્રતા કરશો તેવા વિચારોનો વિચાર પ્રવાહ તમને સતત મળ્યા કરશે. ડિપ્રેશનની શરૂઆત નકારાત્મક અને નબળા વિચારોથી થાય છે. હંમેશા "ALL IS WELL" અનુભવો. ડિપ્રેશનમા જીવતા લોકો ''ALL IS DOUBTFUL'' અનુભવતા હોય છે. દરેકમાં શંકાની નજર હોય છે. શ્રી રામકૃષ્ણ પરમહંસે ખૂબ સરસ કહ્યું છે "FAITH IS LIFE, DOUBT IS DEATH" શ્રદ્ધા જ જીવન છે શંકા મૃત્યુ છે.''

જાગૃતિ વ્યાસ, આચાર્યા, શેઠ ચી. ન. શિશુવિહાર

## બિનપરંપરાગત શિક્ષણ

એક સમય હતો જ્યારે શિક્ષણ માત્ર પુસ્તક, વર્ગખંડ, બ્લેકબોર્ડ અને ચોક સુધી સીમિત હતું. ટેક્નોલોજીના વિકાસ સાથે હવે આજના બાળકોને વિશિષ્ટ રીતે અને બિનપરંપરાગત રીતે શીખવવું શક્ય બન્યું છે.

શૈક્ષણિક ઍપ્લિકેશન્સની મદદથી કોઈપણ પ્રકારના અઘરા લાગતા વિષયને સરળ રીતે શીખી શકાય છે. જેમકે, વિજ્ઞાનના વિષયમાં બાળકોને શરીરના આંતરિક ભાગોની સમજ આપવી હોય જે બાળકોને વાસ્તવિક સ્વરૂપે બતાવવા શક્ય નથી પરંતુ ઓડિયો વિઝ્યુઅલની મદદથી આ અંગોને તેના વાસ્તવિક સ્વરૂપમાં જોઈ શકાય છે. આથી વિશેષ તેના કાર્યને પણ સરળતાથી સમજી શકાય છે. કેટલાક બાળકોને ગણિત વિષયમાં ઓછો રસ પડતો હોય છે. આ બાળકોને જો વિવિધ એપ્સની મદદથી રમતો દ્વારા શીખવવામાં આવે તો કંટાળાજનક લાગતો વિષય પણ ગમતો વિષય બની રહે છે. આ રમતોમાં ઈફેક્ટિવ સાઉન્ડ, ગમતા પાત્રો અને આકર્ષક ગ્રાફિક્સ હોવાના કારણે બાળકોને સરળતાથી આકર્ષી શકે છે. આમ એક-બે નહીં પણ દરેક વિષયો માટે શૈક્ષણિક સામગ્રી ઉપલબ્ધ છે. વિવિધ વિષયોની માહિતી મેળવવા માટે પુસ્તકો સુધી સીમિત રહેવાને બદલે સર્ચ એન્જિનનો ઉપયોગ કરીને ઓછા સમયમાં વિશ્વભરની માહિતી મેળવી શકાય છે. આ માહિતીને સરળતાથી શેર કરી શકાતી હોવાથી શિક્ષકોને બાળકો સુધી આ માહિતી પહોંચાડવામાં પણ ઘણી અનુકૂળતા રહે છે. કોવિડના સમયમાં જ્યારે બાળકોનું શાળાએ આવવું શક્ય ન હતું ત્યારે આવી એપ્લિકેશન્સની મદદથી જ શિક્ષકો બાળક સુધી પહોંચી શક્યા હતા. આમ, શૈક્ષણિક એપ્સ ઇન્ટરેક્ટિવ અને મનોરંજક હોવાથી નાનાથી લઈને મોટા દરેકને માટે ઉત્સાહિત કરનારી અને પ્રેરક બની રહે છે.

આ પધ્ધતિ રસપ્રદ અને આકર્ષિત કરનારી તો છે જ, પરંતુ સાથેસાથે તેનો વિવેકપૂર્ણ ઉપયોગ થવો પણ તેટલો જ જરૂરી છે. વધારે પડતો સ્ક્રીનટાઈમ ટૂંકા ગાળામાં પણ ઘણા નુકશાન પહોંચાડી શકે છે. ઇન્ટરનેટ પર ઉપલબ્ધ શૈક્ષણિક સામગ્રી પરંપરાગત શિક્ષણની પૂરક બની રહે પણ તેનું સ્થાન ન જ લે તેટલું ધ્યાન રાખવું રહ્યું.

કૃપા પ્રજાપતિ, શેઠ ચી. ન. વિશિષ્ટ વર્ગ

# કમ્પ્યૂટર સેન્ટર દ્વારા ફાઇન આર્ટસ્‌ના વિદ્યાર્થીઓ માટે સેમિનાર



શેઠ સી. એન. કમ્પ્યૂટર સેન્ટરમાં ચાલતા કોર્સ અંગે ફાઇન આર્ટસ્‌ કોલેજના વિદ્યાર્થીઓ માટે તા. ૨૫-૮-૨૦૨૩ના રોજ એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. આ સેમિનારમાં વિદ્યાવિહારના નિયામક ડૉ. વૈશાલી શાહ, કમ્પ્યૂટર સેન્ટરના નિયામક શ્રી બિમલ રાવલ, ફાઇન આર્ટસના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રી જીતેન્દ્ર ઓઘાણી, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતાં. આ સેમિનારમાં ડૉ. વૈશાલી શાહે વિદ્યાર્થીઓને સી. એન. વિદ્યાવિહારમાં ચાલતી જુદી જુદી પ્રવૃત્તિઓ અંગે સમજ આપી હતી. વિદ્યાવિહારના ઇતિહાસ વિષે જણાવ્યું હતું. હાલમાં ચંદ્રયાન-૩ને ચંદ્ર ઉપર મોકલનાર ભારતની સંસ્થા ISRO ના સ્થાપક ડૉ. વિક્રમ સારાભાઇ સી. એન. વિદ્યાવિહારના ટ્રસ્ટી હતા તે અંગે માહિતી આપી.

ત્યારબાદ સી. એન. કમ્પ્યૂટર સેન્ટરના નિયામક શ્રી બિમલભાઇએ ફાઇન આર્ટસના વિદ્યાર્થીઓને તેમના અભ્યાસની સાથે સાથે બીજા કમ્પ્યૂટર કોર્સ કરવા અંગે સમજ આપી હતી. હાલમાં ઇન્ડસ્ટ્રીમાં ફાઇન આર્ટસ્‌ કરેલ વિદ્યાર્થીઓને નોકરી મેળવવા તેમજ પોતાનો વ્યવસાય કરવા ક્યા ક્યા કમ્પ્યૂટર કોર્સ કરવા તે અંગે માહિતી આપી. ઉપરાંત સી. એન. કમ્પ્યૂટર સેન્ટરમાં કમ્પ્યૂટરના ક્રિએટીવ કોર્સ ચાલે છે જેમાં Adobe Photoshop, Adobe Illustrator, Audio Editing, Video Editing, Multimedia & Animation વગેરે અંગે ઉંડાણમાં માહિતી આપી. ફાઇન આર્ટસના અભ્યાસની સાથે સાથે આ કોર્સમાં જોડાવાની વાત કરી. આ કોર્સ કર્યા પછી વિદ્યાર્થીઓ તેમની કારકિર્દી ઉજ્જ્વળ કેવી રીતે બનાવી શકે તે અંગે સમજાવ્યું. આ કોર્સ કર્યા બાદ તેમને ક્યાં ક્યાં નોકરીની તકો મળી શકે છે તે જણાવ્યું. આ કોર્સ કર્યા પછી વિદ્યાર્થીઓ ભારતમાં રહીને બહારના દેશોનું કામ ઓનલાઇન કરી શકે છે તેની પણ માહિતી આપી. આવા કોર્સ કરેલ વિદ્યાર્થીઓને ઇન્ડસ્ટ્રીમાં વધુ તકો મળે છે અને વધુ વળતર મળે છે તે અંગે વિગતવાર સમજાવ્યું. આજના કમ્પ્યૂટર યુગમાં દરેક ઇન્ડસ્ટ્રીમાં આર્ટીસ્ટની જરૂર છે પણ તે કમ્પ્યૂટર પર કામ કરી શકે તેવો હોવો જોઇએ એ અનિવાર્ય છે તે અંગે જાણકારી આપી.

આજનો કલાકાર ફક્ત કલાકાર નહી પણ ટેકનોલોજીથી સજ્જ આધુનિક કલાકાર બને તે અત્યંત જરૂરી છે.

**બિમલ રાવલ**

નિયામક, શેઠ ચી. ન. કમ્પ્યૂટર સેન્ટર



## Sr. Counsellor alumna દ્વારા શિશુવિહાર અને શિશુ વિશિષ્ટ વર્ગના શિક્ષકો માટે માર્ગદર્શન



૧૮/૮/૨૦૨૩ શુક્રવારના રોજ Sr. Counselor ડૉ. બિંદુ પ્રસાદ અને ગીતા ડોડીયા સાથે વર્કશોપ યોજાયો હતો. જેમાં શિશુવિહારના અને વિશિષ્ટ વર્ગના શિક્ષકો તથા D.EL.ED. કરતા ભવિષ્યના શિક્ષકો જોડાયા હતા. બાળકોને કઈ રીતે પ્રવૃત્તિમાં જોડાયેલા રાખવા તેના વિશે જાણકારી આપી શિક્ષકોએ બાળકો સાથે થતા અનુભવો તથા પ્રશ્નો તેમની સમક્ષ રજૂ કર્યા અને તે પ્રશ્નોના ઉકેલ લાવવા તેઓએ મદદ કરી. આ સંવાદ દ્વારા alumna ડૉ. બિંદુ પ્રસાદ દ્વારા ઘણું જ મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવા સાથે તેમના અનુભવો સહુ સાથે વહેંચ્યા હતા.

## બાલસભા



સંગીત દરમ્યાન શિક્ષકો દ્વારા કરાવેલ ગીત, અભિનય, નાટક બાલસભા દરમ્યાન બાળકો જાતે જ રજૂ કરે છે. શિશુવિહાર અને વિશિષ્ટ વર્ગમાં ઓગસ્ટ માસ દરમ્યાન આવી બાલસભાનું આયોજન થયું.

## રક્ષાબંધન



તા.૨૮.૮.૨૦૨૩ ના રોજ શિશુવિહાર અને વિશિષ્ટ વર્ગમાં રક્ષાબંધન કાર્યક્રમ ઉજવાયો જેમાં સિનિયર કેજીના બાળકોએ બધાજ બાળકો માટે જાતે રાખડી બનાવી બહેનોએ આ રાખડી ભાઈને કંકુ તિલક કરીને બાંધી. ભાઈએ બહેનને ચોકલેટ ખવડાવી મોં મીઠું કરાવ્યું. આ દિવસે શિશિવિહારમાં બુંદી અને ગાંઠિયાનો નાસ્તો કરી મજા કરી.

## Rainy day



અંધકાર સહી વાદળો સજ્યાં, જાણે વર્ષાને તેડાવી છે. વીજ, ગાજ, ને પવન સાથે જોને વર્ષાઋતુને શિશુવિહાર વિશિષ્ટ વર્ગના બાળકોએ વધાવી છે.

''વરસાદના છાંટણા શીખવે છે કે જીંદગીની અદ્ભુત ક્ષણો પકડી શકાતી નથી. ફક્ત માણી શકાય છે.'' એવી જ રીતે બાળકોની સાથે બાળક બની શિક્ષકોએ પણ આ Rainy Day celebrate કર્યો.

## ગુરુપુર્ણિમા



શિશુવિહાર અને વિશિષ્ટવર્ગમાં ગુરુપુર્ણિમા કાર્યક્રમ યોજાયો. જેમાં ગુરુનું મહત્વ સમજાવવા એકલવ્ય અને દ્રોણાચાર્યની વાત કરી. બાળકોએ પોતાના ગુરુની કંકુ તિલક કરી પૂજા કરી.

## Teacher Training Workshop

શિક્ષણમાં નવી ટેક્નોલૉજીનો ઉપયોગ તેમજ chalk and talkની જગ્યાએ કૌશલ્યલક્ષી શિક્ષણ આપી શકાય તે અંગે શિક્ષકને માર્ગદર્શન આપવા હેતુસર એક વર્કશોપ શ્રી હિતેન્દ્ર ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ શનિવાર ૨૬/૦૮/૨૦૨૩ના રોજ શિશુવિહાર અને વિશિષ્ટ વર્ગમાં યોજવામાં આવ્યો. વિવિધ પ્રોજેક્ટ અંતર્ગત child counselling અને બાળકમાં સંસ્કારોનું સિંચન ક્યાં અને કેવી રીતે થઈ શકે તેની પણ ચર્ચા કરવામાં આવી હતી.

# આપણા જીવનમાં સંગીતનું મહત્વ

સંગીત એ એક સાર્વત્રિક ભાષા છે જે જીવનના તમામ ક્ષેત્રના લોકોને જોડવાની શક્તિ ધરાવે છે. તે આનંદ, આરામ અને પ્રેરણાનો સ્ત્રોત બની શકે છે. સંગીત ઉપચાર, શિક્ષણ અને સામાજિક પરિવર્તન માટે પણ એક શક્તિશાળી સાધન બની શકે છે.

આપણા જીવનમાં સંગીતની કેટલીક મહત્વપૂર્ણ ભૂમિકાઓ:

સંગીત આપણા માનસિક અને શારીરિક સ્વાસ્થ્યને સુધારી શકે છે. સંગીત સાંભળવાથી તણાવ, ચિંતા અને પીડા ઓછી થઈ શકે છે. તે આપણા મૂડને પણ સુધારી શકે છે, આપણા ઉર્જા સ્તરને બૂસ્ટ કરી શકે છે અને સારી રીતે ઊંઘવામાં મદદ કરી શકે છે. સંગીત આપણને વસ્તુઓ શીખવામાં અને યાદ રાખવામાં મદદ કરી શકે છે.

અભ્યાસો દર્શાવે છે કે સંગીત સાંભળવાથી આપણી યાદશક્તિ, ધ્યાન અને શીખવાના કૌશલ્યમાં સુધારો થઈ શકે છે. આ એટલા માટે છે કારણ કે સંગીત આપણા મગજના વિવિધ ભાગોને સક્રિય કરે છે.

સંગીત આપણને આપણી જાતને અભિવ્યક્ત કરવામાં મદદ કરી શકે છે. સંગીત એ સ્વ-અભિવ્યક્તિનું એક શક્તિશાળી સ્વરૂપ છે. તે આપણને આપણી લાગણીઓ, વિચારો અને અનુભવોને એવી રીતે સંચાર કરવામાં મદદ કરી શકે છે જે શબ્દો કરી શકતા નથી. આ ખાસ કરીને એવા લોકો માટે મદદરૂપ થઈ શકે છે જેમને મૌખિક રીતે પોતાની જાતને વ્યક્ત કરવાનું મુશ્કેલ લાગે છે. સંગીતનો ઉપયોગ લોકોને શારીરિક અને ભાવનાત્મક આઘાતમાંથી સાજા કરવામાં મદદ કરવા માટે થઈ શકે છે. તે આપણને રોજિંદા જીવનના તાણમાંથી બહાર આવવામાં અને આનંદ માણવામાં મદદ કરી શકે છે. સંગીત પ્રેરણા અને આશાનો શક્તિશાળી સ્ત્રોત પણ બની શકે છે. ભલે આપણી ઉંમર, પૃષ્ઠભૂમિ અથવા રુચિઓ ગમે તે હોય, સંગીત આપણને બધાને આનંદ પ્રદાન કરે છે. તે એક સાર્વત્રિક ભાષા છે જે આપણને અન્ય લોકો સાથે જોડી શકે છે, આપણને સાજા કરવામાં મદદ કરી શકે છે અને અનેક રીતે આપણા જીવનને સમૃદ્ધ બનાવી શકે છે.

સંગીત આપણને આપણી સર્જનાત્મકતા વિકસાવવામાં મદદ કરી શકે છે. જ્યારે આપણે સંગીત સાંભળીએ છીએ, ત્યારે આપણે સતત નવા વિચારો અને અવાજો સાથે સંપર્કમાં રહીએ છીએ. આ આપણને આપણી પોતાની વિચારસરણી અને સમસ્યાનું નિરાકરણ કરવામાં વધુ સર્જનાત્મક બનવામાં મદદ કરી શકે છે.

સંગીત આપણને વિવિધ સંસ્કૃતિઓ વિશે જાણવામાં મદદ કરી શકે છે. સંગીત એ વિવિધ સંસ્કૃતિના લોકો સાથે જોડાવાની એક શક્તિશાળી રીત છે. જ્યારે આપણે અન્ય સંસ્કૃતિઓમાંથી સંગીત સાંભળી એ છીએ, ત્યારે આપણે નવા અવાજ, તાલ અને ધૂનનો સંપર્ક કરીએ છીએ. આ અમને અન્ય સંસ્કૃતિઓની વધુ સમજણ વિકસાવવામાં અને તેમની વિવિધતાની પ્રશંસા કરવામાં મદદ કરી શકે છે. સંગીત આપણને પ્રકૃતિ સાથે વધુ નિકટતા અનુભવવામાં મદદ કરી શકે છે. ઘણા લોકોને લાગે છે કે પ્રકૃતિના અવાજો, જેમ કે પક્ષીઓનું ગીત અથવા કિનારા પર અથડાતા મોજાઓનો અવાજ સાંભળવાથી ખૂબ જ આરામ અને શાંતી મળી શકે છે. આ એટલા માટે છે કારણ કે આ અવાજો ઘણીવાર હકારાત્મક યાદો અને અનુભવો સાથે સંકળાયેલા હોય છે.

નિષ્કર્ષમાં, સંગીત એ એક શક્તિશાળી અને બહુમુખી કળા છે જે આપણા જીવનને ઘણી રીતે સમૃદ્ધ કરવાની ક્ષમતા ધરાવે છે. તે એક સાર્વત્રિક ભાષા છે જે આપણને અન્ય લોકો સાથે જોડી શકે છે, આપણને સાજા કરવામાં મદદ કરી શકે છે અને અસંખ્ય રીતે આપણા જીવનને સમૃદ્ધ બનાવી શકે છે. જો તમે પહેલેથી જ સંગીતના ચાહક નથી, તો હું તમને તેને અજમાવવા માટે પ્રોત્સાહિત કરું છું. તમને આશ્ચર્ય થશે કે તમે તેનો કેટલો આનંદ માણો છો.

- રૂદ્ર વકિલ, ધો-૧૨ ક, શેઠ ચી. ન. વિદ્યાલય

## Ms. Willie Dewan - All Gujarat Inter School English Elocution Competition -2023

Veer ben aka Ms. Willie Dewan was an English language teacher at Sheth CN Vidyalaya. She had been a very dedicated teacher, instilling great love for English language among all the students of Sheth CN Vidyalaya and encouraging them to opt for English language as 1st language in their curriculum.

This Elocution competition is held every year, in her memory. Students from schools far & wide from whole of Gujarat State participate in the competition.

In 2023, the competition was held on 21st September. Approximately 15 schools from all over Gujarat participated in the competition, this year. The theme for the competition, this year was OVERCOMING ADVERSITY-THE POWER OF RESILIENCE.

**Mrs. Rita Mukherjee, Director, C. N. E.M. School**

## 'આશ' - પાશમાં બંધાવું જરૂરી

આજ-કાલ બાળકો, કિશોરો નાની-નાની અને નજીવી બાબતોમાં નિરાશ થઇ જાય છે, ભયભીત થઇ જાય છે. દુઃખી થઇ જાય છે, હિંમત હારી જાય છે અને છેલ્લે ગુસ્સે થઇ જાય છે. મનમાં હંમેશા નકારાત્મક વિચારો જ રમ્યા કરે છે. '' હું સફળ કેવી રીતે થઈશ? મારાથી આ કામ કેવી રીતે થશે? જે કામ શરૂ કર્યું છે તે પૂર્ણ થશે કે નહિ ? વગેરે વગેરે............

આવા નિરાશાજનક સવાલોથીજ દિવસની શરૂઆત થતી હોય છે અને આવા સવાલોના જવાબ મેળવ્યા વિના જ આખો દિવસ પણ પૂર્ણ પણ થઇ જાય. અરે! રાત્રે ઊંઘમાં પણ નિષ્ફળતાના જ સપના આવે.

જીવનની દરેક પરીક્ષામાં નબળું પરિણામ આવવું, નાપાસ થવું, ધારી સફળતા ન મળવી એ સહજ બાબત ગણીને ધીરજ રાખવી જરૂરી છે. એક પ્રયત્નમાં સફળતા ન મળે ત્યારે બીજો પ્રયત્ન કરવો જોઈએ, સફળતા મેળવવા માટે સંઘર્ષ કરવો જરૂરી છે. આત્મવિશ્વાસ રાખીને પ્રયત્ન કરતા સફળતા જરૂર મળશે.

જીવનમાં પાસ થવા ટૂંકો રસ્તો અપનાવવા કરતા સાચો રસ્તો પસંદ કરવો જરૂરી છે. આજે સફળતા નથી મળી તો ભલે પણ કાલે ચોક્કસ સફળ થઈશું એજ આશા ના પાશ (દોરડાના ગાળિયા)માં બંધાયેલ વ્યક્તિ ચોક્કસ સફળ થાય છે.

મમતા ભગત
શેઠ ચી. ન. કિશોર વિદ્યાલય

# The Teacher of the Sheth C. N. Vidyavihar joined in a one day 'Achman work school' organized by Anandalaya.



An 'Achman Work School' was held at Neelkanth International School Sanand. In which a work school was held on 'Life Demands Answers' regarding character building and personality development. What is life ? What to do to live a successful life and a meaningful life?We had to think about this issue and communicate with others. 90 teachers, principals and administrators of different schools from different districts of Gujarat participated in this work school. In which Khyati Purohit, Dipika Patel, Manisha Patel of Seth C.N. Balvidyalaya and Darshanbhai Rawal, Chandrikaben Gohil, Janki Ben of Kishore Vidyalaya participated. Joshi, Kajalben Raichura, Jaguriben Rawat were present to learn the methods of imparting lively education to children. In this work school dialogue was created through different activities like debate, role play, letter writing. Anandalaya's visionary motivators Hon'ble Atulbhai Unagar, Hareshbhai Trivedi (Vidyabharati Foundation) and Jaguriben Modi provided guidance in this work school.

Education is the need of every age, but character is the basic factor for happiness and success in life in any age. Indeed, the main purpose of education and human life is to build the best character. Education is the process that transforms a human being from a rough stone into the best embodiment of character, but one of the major complaints against education in today's age is that it only tests memory. The question becomes increasingly vexing, as life cannot provide real training for living. In such a situation, by working for the society in the society, through such seminars, the child can be given an active, enjoyable, interesting, best, independent education that the child likes against the traditional, customary, boring education in the classroom. 'Gijubhai Badheka' used to say that "The independent personality of children is the independent personality of children."

'A good education can change anyone but a good teacher can change everything.'

**Khyati Purohit**
(Sheth C.N.Bal Vidyalaya)

## જ્ઞાન

જ્ઞાન એટલે મનમાં રહેલી જાગૃતતાની સ્થિતિ. આપણી સંસ્કૃતિમાં તો જ્ઞાનને અતિ પવિત્ર માનવામાં આવેલ છે. જ્ઞાન વિશે તો સંસ્કૃતમાં કહેવાયું છે કે, "नहि ज्ञानेन सद्रशं पवित्र मिह विध्यते!""

આપણે કોઈપણ ક્ષેત્રમાં મેળવેલું જ્ઞાન આપણામાં રહેલ અનુભવની એરણ પર ઘડાઈને માનવ પ્રતિભાઓનું ઘડતર કરે છે. જ્ઞાનનું સર્જન કરવું અને તેનું વિસ્તરણ કરતા રહેવું તે બાબત જ આપણી મૂલ્યશક્તિ દર્શાવે છે. જ્ઞાન દ્વારા કોઈપણ માનવની ઉત્તમ અને પૂર્ણ માનવ બનવાની પ્રક્રિયા શક્ય બનતી હોય છે. અધ્યયન અને અધ્યાપન પ્રક્રિયામાં જો કઈ પાયાની બાબત હોય તો તે જ્ઞાન દ્વારા બંધાતો સેતુબંધ છે. જ્ઞાન જ આપણા જીવનની દરેક પ્રક્રિયાને વેગવંતી બનાવે છે. તેના દ્વારા જ માનવીના ભણતર સાથે ઘડતરનો વિકાસ થઇ શકે છે.

જ્ઞાન મેળવવું એ મનુષ્ય જીવનના વિકાસગાથાની એક પરંપરા છે. જ્ઞાન દ્વારા જ આપણે આપણા દરેક કાર્યોનું સુયોગ્ય આયોજન કરી શકીએ છીએ અને આપણો સર્વાંગી વિકાસ પણ તે દ્વારા જ થઇ શકે છે.

અત્યારના શિક્ષણ યુગમાં સતત નવીનીકરણ થઇ રહ્યું છે. નવીન વિચારો, પ્રયોગો અને તકનીકો સતત આવ્યા જ કરે છે. અત્યારના કોરોના મહામારીના સમયમાં તો આપણે સૌએ સજાગ અને સતર્ક રહેવું અને આપણા વિષયમાં અભિરુચિ દાખવી નવા નવા આયામો સાર્થક કરવા તે સમયની માંગ મુજબ અગત્યનું બની ગયું છે. તો આજના નવીન યુગમાં શિક્ષણની સાથે જ્ઞાન દ્વારા માનવ જીવન કેવી રીતે જીવી શકાય તે પણ વિચારવું જ રહ્યું. જ્ઞાન દ્વારા આપણામાં જીવનઘડતર, સભ્યતા, સંસ્કૃતિ, સદ્વિચાર અને સદાચારનો સંચાર થાય છે અને સાથે-સાથે પ્રામાણિકતા, ધાર્મિકતા, સમૂહજીવન જેવા મૂલ્યોનું ઘડતર થાય છે અને આ દરેક બાબત દ્વારા જ આપણો સર્વાંગી વિકાસ થાય છે.

દુનિયા એક જ્ઞાનરૂપી મહાસાગર છે અને જો આપણને આ જ્ઞાનરૂપી મહાસાગરમાંથી થોડીક બૂંદો પણ મળી જાય તો આપણું જીવન સાર્થક થયું મનાય.

જાગૃતિ કે. રાવત, શેઠ ચી. ન. કિશોર વિદ્યાલય

# Activities conducted at Sheth C N English Medium School in July'23 and August '23

The months of July '23 and August '23 witnessed a plethora of activities at CNEM. While truly believing in the proverb that 'All work and no play makes Jack a dull boy', the students of Sheth C N English Medium school took part in various curricular as well as co-curricular activities. While the students of Std. 12 got to be a part of a seminar conducted by the Reserve Bank of India to create awareness related to digital transactions, the students of Std. 11 visited the PDEU as a part of the educational field trip. To ensure that the emotional and mental wellbeing is being taken care of the students as well as teachers, a talk show was held for the all the students by Dr. Ruchi Mehta, an alumnus of Sheth C N Vidyavihar. She discussed about the importance of health and hygiene with the students. An inhouse workshop on Stress Management was conducted by one of the faculty members for the teachers.

All the students got a chance to exhibit their creativity and an inter house competitive spirit during the Poster Making competition. We had the Inter House Elocution Competition and the Poem Recitation Competition for the students of Class 7 and 8 and Class 5 and 6 respectively. To commemorate the birth anniversary of Shri Vikram Sarabhai, Sheth C N Vidyavihar organized a Science Exhibition wherein the students of all the institutes of Vidyavihar participated.

**Dr. Shilpa Kulkarni**

Principal, Sheth C N English Medium School







## આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 'વસુધૈવ કુટુંબકમ' માટે યોગ

૨૧ જૂન વિશ્વયોગ દિવસ તરીકે સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે. યોગ એ જીવથી શિવને જોડવાની પ્રક્રિયા છે. આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની થીમ 'વસુધૈવ કુટુંબકમ' માટે યોગ એ નિર્ધારિત કરવામાં આવેલ છે. One Earth, One family and One Future. સમગ્ર વિશ્વ એક પરિવાર છે અને સમગ્ર વિશ્વનું ભવિષ્ય એક સમાન છે જે વિચાર સાથે શેઠ સી. એન. કૉલેજ ઑફ એજ્યુકેશન, આંબાવાડી, અમદાવાદ ખાતે યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. યોગથી ચિત્ત વૃત્તિઓનું નિરોધન શક્ય છે આ વિચાર સાથે શેઠ સી. એન. કૉલેજ ઑફ એજ્યુકેશનના પ્રાધ્યાપિકા શ્રી ડો. સેજલ પ્રણવ ત્રિવેદી દ્વારા યોગની જીવનમાં મહત્તા અને શ્વાસોચ્છવાસની ક્રિયાનુ જીવનમાં મહત્વ વિષે પ્રસંગોચિત સમજૂતી આપી દિનવિશેષની પ્રસ્તાવના બાંધી હતી. પ્રશિક્ષણાર્થીઓને માનસિક રીતે તૈયાર કરી સંસ્થાના પ્રાંગણમાં આવેલ બગીચામાં પ્રકૃતિના સાનિધ્યમાં પ્રાણવાયુના અઢળક જથ્થાને પામવા અને અંતઃકરણને ઉર્જાયુક્ત બનાવવા વિવિધ આસનો, મુદ્રાઓ અને પ્રાણાયામ કરી બતાવ્યા હતા અને પ્રશિક્ષણાર્થીઓ પાસે યોગ કરાવવામાં આવ્યા હતા. તમામ પ્રશિક્ષણાર્થીઓએ અતિ ઉત્સાહ સાથે ભાગ લઈ યોગ દિવસને હર્ષોલ્લાસથી ઉજવ્યો હતો. તમામ શૈક્ષણિક-બિનશૈક્ષણિક કર્મચારી ઓ અને પ્રશિક્ષણાર્થીઓ દ્વારા જીવનમાં યોગને સમાવી તંદુરસ્ત અને નિરામય જીવન અપનાવવાની અને શિક્ષણના માધ્યમથી ભવિષ્યમાં જ્યાં પણ હોઈએ ત્યાં યોગ વિશે જાગરૂકતા ફેલાવીશું તે સંદર્ભની શપથ ગ્રહણ કરવામાં આવી હતી.

ડૉ. હરેશકુમાર બી. વાઢેલ

આચાર્ય, શેઠ ચી. ન. કૉલેજ ઓફ એજ્યુકેશન

# Art & Craft Work-shop

ભારતની અત્યંત પ્રતિષ્ઠિત અને બિનહરીફ કંપની Pidilite Industries Limited જેની ૧૯૫૯ થી ફેવિકોલ અને ફેબ્રિક જેવી દમદાર વસ્તુઓ બનાવતી કંપની છે. આ બંને પ્રોડક્ટનું મુખ્ય કાર્ય જોડવાનું છે અને ભારતીયોને તેના સ્વપ્નો, તેના ખ્યાલો અને તેની સર્જનાત્મકતાને જોડવાનું કામ Pidilite કંપની કરી રહી છે. ફેવિકોલની આજ સુધીની પ્રત્યેક જાહેરાત જે ટીવી પર પ્રદર્શિત કરવામાં આવે છે તે તર્કશક્તિ અને પ્રોડક્ટનો બેનમૂન ઉપયોગ માર્મિક રીતે સમજાવી જાય છે. પ્રોડક્ટનું સ્લોગન હોય કે જાહેરાત હોય તે ચિરંજીવ થઈ જાય છે. વર્ષો સુધી યાદ રહેતી સ્મૃતિ બની જાય છે માટે જાહેરાતને અંતે તમને બજારમાં અન્ય કોઈ પ્રોડક્ટ તરફ ભટકવા પણ દેતી નથી. અજાગ્રત મને પણ સાંધવા જોડવા કશુંક નવું કરવા ફેવિકોલ જ માંગીએ છીએ. Pidilite કંપનીની જ એક શાખા ફેવિક્રીલ છે જે, મહત્વકાંક્ષી કલાકારો, કળાના શોખીનોની જરૂરિયાત પૂરી કરવા માટે નવીન ક્રાફ્ટ સામગ્રી પૂરી પાડે છે. ફેવિક્રીલ હંમેશા આર્ટ એન્ડ ક્રાફ્ટ ક્ષેત્રે ઉત્તેજક અને સર્જનાત્મક ઉત્પાદનો રજૂ કરવામાં માને છે અભ્યાસ કરતા બાળકોમાં સુષુપ્ત પડેલી શક્તિઓને બહાર લાવવા અને તેને નિખારવા માટે Pidilite ઇન્ડસ્ટ્રી એ અદભુત કાર્યક્રમનું આયોજન કરે છે. જે વિનામૂલ્યે Pidiliteના પ્રતિનિધિ આપની સંસ્થામાં આવી વિધિવત કળાના નમુના રજૂ કરે છે અને શું શું કરી શકાય તેના ઉત્તમ નમૂનાઓ રજૂ કરી સુષુપ્ત મનમાં જિજ્ઞાસા જગાવવાનું કાર્ય કરે છે. ડેમોમાં ફેશન ઇન્ટિરિયર, ડિઝાઇનિંગ, હોમ સાયન્સ, ક્લોથ વર્ક, પેઇન્ટિંગ, બાંધણી, પેચવર્ક, ઓર્નામેન્ટ્સ વગેરેનું નિદર્શન કરી તે કેવી રીતે બનાવાય તે સમજાવવામાં આવે છે. વિદ્યાર્થીઓ પાસેથી તેમની જિજ્ઞાસા શું છે? તે જાણી તે સંદર્ભની વર્કશોપનું આયોજન કરવામાં આવે છે.

આ વર્કશોપ પહેલા ફેવિક્રીલની વિવિધ પ્રોડક્ટ જેમકે એક્રેલિક કલર્સ, ફેબ્રિક કલર્સ, લિક્વિડ એમબ્રોઇડરી, થ્રીડી લાઈનર, ફેબ્રિક ગ્લૂ, મોલડીટ, ગ્લાસ કલર, થ્રીડી નિયોન કલર્સ જેવી વિવિધ પ્રોડક્ટથી પ્રશિક્ષણાર્થીઓને પરિચિત કરવામાં આવ્યા હતા અને વર્કશોપ વખતે આ અથવા તો, આવી તમને ગમતી સાધન સામગ્રી સાથે લાવવી તેવી સૂચના સાથે શેઠ સી. એન. કોલેજ ઓફ એજ્યુકેશન ખાતે એક સુંદર આર્ટ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તમામ પ્રશિક્ષણાર્થી ભાઈઓ તથા બહેનો અને અધ્યાપકશ્રીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ખાસતો ઉત્તમ શિક્ષક બનવા માટે, સર્જનાત્મકતા નિખારવા માટે ઉત્તમ તક પૂરી પાડવા બદલ શેઠ સી. એન. કોલેજ ઓફ એજ્યુકેશન Pidilite Industries Limited અને તેમની જીવનમાં રંગો ઉમેરતી શાખા ફેવિક્રીલની અને પીડીલાઈટ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના પ્રીતિનિધિ શ્રી નિલેષ ડી. જોગસન અને શ્રી સોનલબેન ભટ્ટ કે જે ફેવિક્રીલ હોબી આઇડિયા એક્ષપર્ટ ટીચર તરીકેની સેવા ૨૦૦૯થી આપી રહ્યા છે તેમનો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ. જેમના દ્વારા આ અદભુત વર્કશોપનું સંચાલન કરવામાં આવ્યું હતું.

# વૃક્ષારોપણ કાર્યક્રમ

''For a better tomorrow, Plant more trees today.''

આઝાદી મળ્યા પછીના વર્ષ દરમિયાન ભારતની વસ્તી વધી ને ૧૪૨ કરોડ જેટલી થઈ ગઈ છે. વસ્તીવધારાને લીધે આપણા દેશમાં અનેક ગંભીર સમસ્યાઓ સર્જાઈ છે. વધતી વસ્તીને વસાવવા માટે વધુ જમીનની જરૂર પડી છે. વધુ વસવાટ માટે વધુ જમીનની જરૂર પડે છે. આ વસવાટ માટે કુદરતી વૃક્ષોનું છેદન કરવામાં આવ્યું છે. એ કારણે જ હવા, પાણી અને વીજનું પ્રદૂષણ પણ ભયજનક હદે વધી રહ્યું છે. આ વધતાં જતાં પ્રદૂષણને ડામવાના આપણા દેશમાં અનેક ઉપાયો થઈ રહ્યા જ છે. જે પૈકી એક મહત્વનો ઉપાય છે વૃક્ષારોપણ. શિક્ષણ અને સમાજના લોકહિતને ધ્યાનમાં રાખી દર વર્ષે બી.એડ. કૉલેજના પ્રશિક્ષણાર્થીઓ પાસેથી વૃક્ષારોપણ કરાવવામાં આવે છે, સાથે-સાથે પર્યાવરણ જાગૃતતા માટે કાર્ય કરવામાં આવે છે.

વૃક્ષો આપણને અનેક રીતે ઉપયોગી છે. વૃક્ષો પ્રકાશ સંશ્લેષણની ક્રિયા દ્વારા હવાને શુદ્ધ કરે છે. વૃક્ષો જાતજાતનાં ફળો આપે છે. વૃક્ષોનાં મૂળિયાં જમીનનું ધોવાણ અટકાવે છે. કેટલાંક વૃક્ષોના મૂળિયાં અને પર્ણો ઔષધિ તરીકે વપરાય છે. વૃક્ષો વાદળાંને ઠંડા પાડીને વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે. વૃક્ષોની શીતળ છાયામાં પશુ-પક્ષીઓ, વિદ્યાર્થી, વાલી ઓ શીતળતા અનુભવે છે.

માનવીએ પોતાની વધતી જરૂરિયાતને કારણે આડેધડ માનવ વસાહતો સ્થાપી. જેટલાં વૃક્ષો કપાયાં, તેટલા પ્રમાણમાં નવાં વૃક્ષો ઉગાડવામાં આવ્યાં નથી. પરિણામે વનસ્પતિ ઘટતાં વરસાદનું પ્રમાણ ઘટતું રહ્યું અને ભૂગર્ભજળનું સ્તર સતત નીચું ઊતરતું ગયું.૫મી જૂન ''વિશ્વ પર્યાવરણદિન'' તરીકે ઊજવાય છે. તે દિવસે વૃક્ષો અને પર્યાવરણના રક્ષણ માટેના ઉપાયોની ચર્ચા-વિચારણા થાય છે. તેમાં વૃક્ષારોપણને ખૂબ મહત્વ આપવામાં આવે છે. વૃક્ષો ધરતીના ઘરેણાં છે તેના થકી ધરતીની શોભા છે. આજે સમૂહ માધ્યમોના ઉપયોગથી વૃક્ષોના ફાયદાઓથી રહી રહીને આપણને વૃક્ષોનું મહત્વ સમજાવા લાગ્યું છે. પરંતુ વૃક્ષોનો પરિચય અને વૃક્ષોથી થતાં ફાયદાઓથી આવનારી પેઢીને ભાવિ શિક્ષકોના માધ્યમથી સતત પરિચિત કરી શકાય તેવી ઉમદા ભાવનાથી શેઠ સી. એન. કૉલેજ ઓફ એજ્યુકેશનમાં પ્રતિવર્ષ વૃક્ષારોપણ કરવામાં આવે છે. તે નિમિત્તે ખુલ્લી જગ્યામાં, રસ્તાની બંને બાજુએ કૉલેજમાં અને ખુલ્લી જગ્યામાં વૃક્ષો લગાડવામાં આવે છે અને તેનું જતન કરવાનો સંકલ્પ કરવામાં આવે છે. આવા કાર્યક્રમોમાં પ્રશિક્ષણાર્થીઓને જોડી દરેક પ્રશિક્ષણાર્થીને એક-એક વૃક્ષ વાવવાનું પ્રોત્સાહન આપવું તે ખૂબ જ ઉપયોગી નીવડી શકે છે. આ રીતે વૃક્ષોની સંખ્યામાં વધારો કરી સી.એન.ની નૈસર્ગિક સૃષ્ટિના સૌંદર્યમાં વધારો કરી શકાશે. વળી વધતા જતા પ્રદૂષણના જટિલ પ્રશ્નનું નિરાકરણ પણ કરી શકાશે. વૃક્ષોથીજ પ્રાણી જીવનનું અસ્તિત્વ શક્ય છે.


શેઠ સી. એન.  કેમ્પસ તેના હરિયાળા વાતાવરણ માટે ખુબ જાણીતું છે. ''પ્રકૃતિ થકી જ પ્રવૃત્તિ નિર્મિત થાય છે'' એ વિચાર સાથે શેઠ સી.એન.કૉલેજ ઓફ એજ્યુકેશન પરિવારે પ્રકૃતિના સંવર્ધન માટે અનન્ય યોગદાન આપેલ છે પરસ્પર દેવો ભવઃ ની લાગણી સાથે છોડમાં પણ રણછોડનો અનુભવ પ્રકૃતિના સાનિધ્યથી જ પામી શકાય છે.

**ડૉ. હરેશકુમાર બી. વાઢેલ**
આચાર્ય, શેઠ ચી. ન. કૉલેજ ઑફ એજ્યુકેશન,

# શિસ્ત, અશિસ્ત અને સંસ્કાર

આપણે એવો આગ્રહ રાખીએ છીએ કે દરેક બાળક શિસ્તમાં રહે. જરાય અશિસ્ત ન કરે. પણ શું આપણે આપણાં બાળકોને ઉંડાણમાં એ સમજ આપી છે કે શિસ્ત શું? અશિસ્ત શું? અને સંસ્કાર શું? ક્યારેક એવું પણ બને કે આપણે જ આના વિશે ન જાણતા હોઇએ. આપણાં વેદો અનુસાર શિસ્ત એટલે સંસ્કાર. બાળકમાં સંસ્કારનું રોપણ કરવામાં આવે તો આપણે જેને શિસ્ત કહીએ છીએ તેનો બાળકો મોટા થયા પછી આપોઆપ અમલ કરે છે.

બાળકોની શિસ્ત અને મોટાઓની શિસ્ત જુદા પ્રકારની છે. મોટાઓની શિસ્તનો આગ્રહ બાળકો પાસે ન રાખી શકાય કારણકે બાળકો હજુ એ અવસ્થામાંથી પસાર જ નથી થયાં. તેમને મોટી ઉંમરના અનુભવોની ખબર જ નથી હોતી એટલે આ ઉંમરની શિસ્ત તેઓ સમજી નથી શકતાં. બાળકોને હંમેશા તેમની ઉંમર પ્રમાણેની શિસ્ત વિશે સમજ આપવી જોઇએ. ઘરમાં મા-બાપ એવો આગ્રહ રાખતા હોય છે કે કોઇ ઘરે આવે ત્યારે બાળકો જરાય મસ્તી ન કરે, મોટા અવાજે વાત ન કરે, ગંભીર રહે, ડાહ્યા થઇને બેસી રહે, મા-બાપ કહે તે પ્રમાણે કામ કરે અથવા ભણવા બેસી જાય અને મોટોઓની વાતમાં રસ ન લે. આપણે જો આને શિસ્ત કહીએ તો એ યોગ્ય નથી. એક બાજુ આપણે એવું ઇચ્છતા હોઇએ કે આપણું બાળક સર્વાંગી વિકાસ કરે અને બીજી બાજુ આપણે તેને આવા પ્રકારની શિસ્તમાં બાંધી દઇએ તો તે કેટલું યોગ્ય છે? આમ કરવાથી બાળકનું મન સંકુચિત બની રહે છે. ઘણાંબધા ઘરમાં પિતાનો ડર હોય છે. પિતા ઘરમાં આવે એ પહેલા બાળકો તેમની તમામ ઇત્તર પ્રવૃત્તિઓ છોડીને તરત જ ભણવા બેસી જાય. ઘરમાં કોઇ વસ્તુ બાળકથી તૂટી ગઇ હોય કે નુકશાન થયું હોય તો બાળક ખૂબ ડરી જાય અને સતત ચિંતાગ્રસ્ત રહે. વળી માતા પણ તેને ડરાવે કે ‘‘આવવાદે તારા પપ્પાને આજે તો તારું આવી જ બન્યું’’. બાળકને હંમેશા મોટેરાંઓ એવું કહેતાં હોય છે કે અમારી સામે બોલવાનું જ નહી કે સામે જવાબ આપવાનો નહી. આમ કરવાથી બાળકની વાચા ખૂલતી નથી ને તેના મનમાં ઉદ્‌ભવતા પ્રશ્નો મનમાં જ દબાઇ જાય છે. બાળકને તેનુ ઘર ત્યારે જ વહાલું લાગે છે કે જ્યારે તેને ઘરમાં સ્વતંત્રતા મળે છે. માતા-પિતાએ સમજવું પડે કે આવી શિસ્ત બાળકને ખીલવા નથી દેતી.


This image is generated with Ai

શાળાઓમાં પણ ઘણી જગ્યાએ બાળક ચાલુ શિક્ષણે શિક્ષકને કોઇ પ્રશ્ન પૂછે તો શિક્ષક અકળાઇને તેને ચૂપ કરાવી દે છે અને શિસ્તમાં રહેવાની સલાહ આપે છે. શિક્ષક કોઇ વિષય ભણાવતાં હોય અને જો બાળક તે અંગે કોઇ શંકા કરે તો પણ શિક્ષક તેને અશિસ્ત ગણે છે. આપણે જાણીએ છીએ કે બાળકો ઉર્જાનો ભંડાર હોય છે. એટલે ઘણી વાર તેઓ તોફાન-મસ્તી કરતા હોય તે એક કુદરતી પ્રક્રિયા છે. આવા બાળકોને વારંવાર શિસ્તમાં રહેવાનું કહેવામાં આવે ત્યારે તેમના મનમાં નકારાત્મકતા વિકસે છે. સરહદ પર સૈન્યના જવાનોમાં સૌથી વધુ શિસ્ત હોય છે તે આપણે જાણીએ છીએ. આવા ચુસ્ત શિસ્તના વાતાવરણમાં પણ જ્યારે તેમનો આરામનો સમય હોય છે ત્યારે તેઓ મજાક-મસ્તી અને મનોરંજન કરતાં હોય છે. જે અશિસ્ત ન કહી શકાય. જો તેઓ મજાક મસ્તી ન કરે તો તેમનું મન સતત તણાવમાં જ રહે અને અંદરો-અંદર કકળાટ અને ક્લેશનું વાતાવરણ ઉભું થાય જેની અસર તેમની ફરજ ઉપર પડે અને દેશની સલામતી જોખમાય. આમ બાળક જો મજાક-મસ્તી કરે તો તે અશિસ્ત ન કહી શકાય. બાળક જો ધીંગા-મસ્તી ન કરે તો તે બાળક ન કહેવાય. સમગ્ર જીવસૃસ્ટિમાં તમામ જીવના બાળકો એક યા બીજી રીતે ધમાલ-મસ્તી કરતાં જ હોય છે જે કુદરતની દેન છે. માટે બાળકો તેમની મર્યાદામાં રહીને મજાક મસ્તી કરે તે તેમના સર્વાંગી વિકાસ માટે જરૂરી છે.

બાળકો માટે દરેક વખતે શિસ્તનો આગ્રહ ન રાખવો જાઇએ પણ તેમનામાં સંસ્કારનું સિંચન કરવું જોઇએ. માતા-પિતા અને ગૂરૂનો હંમેશા આદર કરવો. તેમને નમન કરવા. વડીલોને હંમેશા માન આપવું. ઘરડાંઓની સેવા કરવી. કોઇનું અપમાન ન કરવું. અપમાનજનક ભાષા ન બોલવી. કોઇના મનને દુઃખ થાય તેવું ન કરવું. પોતાનાથી નાના ભાઇ બહેનની કાળજી રાખવી. ઘરમાં માતા-પિતાને મદદ કરવી. માતા-પિતા પાસે પોતાના ઘરની આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને માંગણી કરવી. કોઇને નુકશાન થાય તેવા કાર્ય ન કરવા. કોઇની ખોવાઇ ગયેલી ચીજ-વસ્તુ મળે તો જેની હોય તેને પાછી મળે એવો પ્રયત્ન કરવો. માતા-પિતા સાથે કંઇપણ છુપાવ્યા વગર ખુલ્લા દિલથી વાત કરવી. કુટુંબની પરંપરાઓ જળવાય તેમ કરવું. નાનપણથી જ આધ્યાત્મમાં રસ લેવો. ઘરના પ્રસંગોમાં સામેથી જવાબદારી લઇને કામ કરવું. સવારે નિયમિત રીતે ઉઠી જવું. રાત્રે વહેલા સુઇ જવું. ઘરમાં બનતા ભોજનનો ક્યારેય અનાદર ન કરવો. દરેક પ્રકારની ચોખ્ખાઇ જાળવવી. શરીરને તંદુરસ્ત રાખવા માટે કસરત અને યોગાસન કરવા. સમય પત્રક પ્રમાણે ભણવું અને રમવું. ઘરમાં કોઇ આફત આવી પડે ત્યારે હિંમત રાખવી અને બીજાને હિંમત આપવી. ઘરમાં માતા-પિતા વચ્ચે કોઇ મતભેદ થાય ત્યારે તટસ્થ રહીને વાતાવરણ શાંત થાય તેવો પ્રયત્ન કરવો. આવા ઘણાં સંસ્કાર આપણી સંસ્કૃતિમાં છે. જો બાળકને આવા સંસ્કાર મળે તો તે સાચી શિસ્ત કહેવાય. આવા સંસ્કાર વાળા બાળકો ક્યારેય અશિસ્ત કરતાં નથી અને બધાને પ્રિય હોય છે.

ખરેખરતો બાળકો કરતાં મોટેરાઓએ શિસ્તમાં રહેવાની ખાસ જરુર છે. આજના સમયમાં જોવા મળે છે કે લગભગ દરેક વ્યક્તિ અહંકારથી ઢંકાઇ ગયો છે. કોઇને પૈસાનો અહંકાર તો કોઇને હોદ્દાનો અહંકાર, કોઇને ભણતરનો અહંકાર તો કોઇને વ્યવસાયમાં સફળતાનો અહંકાર. કોઇને પોતાની મોંઘીદાટ ગાડીનો અહંકાર તો કોઇને પોતાના આલિશાન બંગલાનો અહંકાર. આવા અનેક પ્રકારના અહંકારથી આપણે રંગાઇ ગયા છીએ. આ અહંકાર છેવટે કામ, ક્રોધ, લોભ, મોહ, ઇર્ષા, અને અશિસ્ત જેવા દુષણોમાં પરિણમે છે. આપણે જ જો આપણાં સંસ્કાર ભુલી જઇશું તો આપણાં બાળકોમાં તેનું સિંચન કેવી રીતે કરીશું? આમ પહેલા આપણાંમાં બદલાવ લાવવાની જરૂર છે અને પછી આપણાં બાળકોમાં. આ વાત આજના માતા-પિતા, શિક્ષકો અને સમાજના દરેક વ્યક્તિએ સમજવી પડે તેમ છે.

બિમલ રાવલ
નિયામક, શેઠ ચી. ન. કમ્પ્યૂટર સેન્ટર

# માણેકબા પારિતોષિક વિતરણ સમારંભ



શેઠ ચી. ન. વિદ્યાવિહારની વર્ષોથી ચાલી આવતી અનુકરણીય પંરપરા મુજબ સમગ્ર શૈક્ષણિક વર્ષ દરમ્યાન વિવિધ વિષયોમાં સફળતા મેળવનાર વિધાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ તા.૬.૯.૨૦૨૩ના રોજ સ્નેહરશ્મિ પ્રાર્થના મંદિરમાં માણેકબા પારિતોષિક વિતરણ સામારંભનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં અતિથી વિશેષ તરીકે અમદાવાદ યુનિવર્સિટીના Professor અને Interim Dean શેઠ ચી.ન. વિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થી શ્રી સંજય ચૌધરીની પ્રેરક ઉપસ્થિતી રહી.

કાર્યક્રમની શરૂઆત શેઠ સી. એન. વિધાલયના વિદ્યાર્થીઓના પ્રાર્થનાવૃંદ દ્વારા કરવામાં આવી. પ્રાર્થના બાદ વિદ્યાવિહારના નિયામક ડૉ. વૈશાલી શાહે મહેમાનશ્રી સંજય ચૌધરીનું સ્વાગત, તેમનો પરિચય તેમજ પ્રસંગોચિત ઉદ્‌બોધન કરી વિધાર્થીઓને પ્રોત્સાહીત કર્યા. ત્યારબાદ ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજા દ્વારા આશીર્વચન અને વિધાર્થીઓને પ્રેરણાદાયી સંદેશો પાઠવવામાં આવ્યો. ગુજરાતી શાળાઓના નિયામક શ્રી હિતેન્દ્ર ત્રિવેદી દ્વારા માણેકબા પારિતોષિકની શરૂઆત અને દાતાશ્રીઓના યોગદાન વિશે તેમજ પ્રસંગોચિત ઉદ્‌બોધન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં શેઠ ચી. ન. વિધાલય, ડી.એલ.એડ.કોલેજ, કોલેજ ઓફ એજ્યુકેશન( બી.એડ.) ફાઇન આટર્સ કોલેજ અને ટેકની કલ સેન્ટરના અલગ અલગ વિષયોમાં અને શાળા/સંસ્થામાં શ્રેષ્ઠ પરિણામ લાવનાર વિધાર્થીઓને મેડલ અને રોકડ પારિતોષિકથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

કાર્યક્રમના અતિથિ વિશેષ શ્રી સંજય ચૌધરીએ પોતાની શાળાકીય યાદોને તાજી કરી હતી અને વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી વક્તવ્ય આપી પ્રોત્સાહિત કર્યા હતા. શેઠ ચી.ન. વિધાલયના આચાર્ય શ્રી દ્વારા ઉપસ્થિત સર્વેનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ધવલ પાઠક, આચાર્ય, શેઠ ચી.ન. વિદ્યાલય

## "વર્ષ 2022-23ના માણેકબા પરિતોષિક વિજેતાઓની યાદી

### શેઠ સી.એન.વિદ્યાલય

**નં. ઈનામ ની વિગત........................................ વિદ્યાર્થીનું નામ**

1 ધોરણ ૧૨ વિજ્ઞાનમાં ત્રીજા........................... રાવલ વનશ્રી રાજન ૮૩.૮%
ભૌતિક વિજ્ઞાનમાં પ્રથમ ............................ રાવલ વનશ્રી રાજન ૮૯
2 ગણિતમાં પ્રથમ ........................................ પરમાર ક્રિશ ધર્મેશભાઈ ૯૯
3 જીવવિજ્ઞાનમાં પ્રથમ.................................. શાહ દિશા હાર્દિકકુમાર ૮૨ (૫૪૧/૭૦૦)
4 ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં બીજા................ મેહતા હિમા કેયુરભાઈ ૯૧.૦૬%
અર્થશાસ્ત્રમાં ત્રીજા .................................... મેહતા હિમા કેયુરભાઈ ૯૧(૬૮૩/૭૫૦)
5 અર્થશાસ્ત્રમાં બીજા.................................... ધંધુકિયા દિશા ગૌરાંગભાઈ ૯૨
6 ધોરણ ૧૨ માં અંગ્રેજીમાં બીજા...................... રજાઈવાલા મોહંમદ કૈફ આસિફભાઈ ૯૧
7 ધોરણ ૧૨ બધા પ્રવાહોમાં ગુજરાતીમાં પ્રથમ .. રાવલ નંદની દત્તકુમાર ૮૮
8 ધોરણ ૧૨ બધા પ્રવાહોમાં અંગ્રેજીમાં પ્રથમ ..... શાહ નેમિલ સંજયભાઈ ૯૩
9 ધોરણ ૧૨ માં અંગ્રેજીમાં ત્રીજા...................... શાહ વિધિ મિતેશભાઈ ૯૦
10 ધોરણ ૧૨ બધા પ્રવાહોમાં સંસ્કૃતમાં પ્રથમ...... શાહ વિરતી સૌરભકુમાર ૯૦
11 ધોરણ ૧૧માં વાર્ષિક પરીક્ષામાં બધા
પ્રવાહોમાં સંસ્કૃતમાં પ્રથમ ........................... દવે હીર ધવલભાઈ ૯૧
12 ધોરણ ૧૧માં વાર્ષિક પરીક્ષામાં
બધા પ્રવાહોમાં અંગ્રેજીમાં પ્રથમ.................... શાહ પ્રાપ્તિ જિગીષ ૯૩
વિદ્યાલયમાં બહેનોમાં વકતૃત્વમાં શ્રેષ્ઠ............ શાહ પ્રાપ્તિ જીગીષ
13 ધોરણ ૧૧માં અંગ્રેજીમાં બીજા ....................... શાહ પ્રાશા દીપન ૮૯
14 ધોરણ ૧૧માં વાર્ષિક પરીક્ષામાં
બધા પ્રવાહોમાં ગુજરાતીમાં પ્રથમ................. શાહ મિતી અભિષેક ૮૭
ધોરણ ૧૧ માં વાર્ષિક પરીક્ષામાં..................... શાહ મિતી અભિષેક ૯૧.૨૮%
બધા પ્રવાહોમાં પ્રથમ
15 ધોરણ ૧૧માં અંગ્રેજીમાં ત્રીજા ....................... જોષી સૌમ્યા શિવાંગ ૮૭
16 ધોરણ ૧૦ માં અંગ્રેજીમાં બીજા...................... આચાર્ય અત્રેય દત્તકુમાર ૯૮
17 ધોરણ ૧૦ માં વિજ્ઞાનમાં પ્રથમ...................... શાહ પ્રથમ મનીષભાઈ ૧૦૦
ધોરણ ૧૦ માં સંસ્કૃતમાં પ્રથમ....................... શાહ પ્રથમ મનીષભાઈ
18 ધોરણ ૧૦ માં કમ્પ્યુટરમાં પ્રથમ.................... સોલંકી પ્રથમ સચિનભાઈ ૯૭
19 ધોરણ ૯ માં ગણિતમાં પ્રથમ......................... ટાંક યક્ષ પાર્થભાઈ ૯૮,
ધોરણ ૯ માં વિજ્ઞાનમાં પ્રથમ........................ ટાંક યક્ષ પાર્થભાઈ ૯૯
20 ધોરણ ૯ માં ગણિતમાં પ્રથમ......................... ટાંક યુગ પાર્થભાઈ ૯૮
ધોરણ ૯ માં અંગ્રેજીમાં પ્રથમ......................... ટાંક યુગ પાર્થભાઈ ૯૫
21 ધોરણ ૯ માં સંગીતમાં પ્રથમ......................... દવે અદિતી
22 વિદ્યાલયમાં ભાઈઓમાં ચિત્રમાં શ્રેષ્ઠ .............. પંચાલ પૂજન નિરંજનભાઈ
23 ધોરણ ૯ માં સમાજશાસ્ત્રમાં પ્રથમ.................. પટેલ હેતુલ નિરવભાઈ ૯૯(૬૪૬/૭૦૦)
24 ધોરણ ૯ માં ગુજરાતીમાં પ્રથમ...................... શાહ સુમેધા ધવલ ૯૪
25 વિદ્યાલયમાં ભાઈઓમાં રમતમાં શ્રેષ્ઠ ............. ગામીત યશ
26 વિદ્યાલયમાં બહેનોઓમાં રમતમાં શ્રેષ્ઠ ........... ગોરખા રીતુ ગગનસિંહ
27 વિદ્યાલયમાં ભાઈઓમાં વિજ્ઞાનમાં શ્રેષ્ઠ........... વેદાંત વિશાલ શાહ
28 વિદ્યાલયમાં ભાઈઓમાં સંગીતમાં શ્રેષ્ઠ ........... વોરા મલ્હાર
29 વિદ્યાલયમાં બહેનોમાં ચિત્રમાં શ્રેષ્ઠ................. શુક્લ સુહાની
30 વિદ્યાલયમાં બહેનોમાં સંગીતમાં શ્રેષ્ઠ.............. સંયમી શાહ
31 ધોરણ ૧૨ વિજ્ઞાનમાં પ્રથમ........................... રાવલ બિલ્વા રાજન ૮૯%
વિદ્યાલયમાં બહેનોમાં શ્રેષ્ઠ ........................... રાવલ બિલ્વા રાજન
રસાયણ શાસ્ત્રમાં પ્રથમ ................................ રાવલ બિલ્વા રાજન ૮૮
32 વિદ્યાલયમાં ભાઈઓમાં શ્રેષ્ઠ ......................... મહેતા જય ભાવેશ
ધોરણ ૧૨ વિજ્ઞાનમાં બીજા ........................... મહેતા જય ભાવેશ ૮૫.૪%
33 ધોરણ ૧૨ કોમર્સમાં પ્રથમ (સામાન્ય પ્રવાહ)... શેઠ તાત્વિક હિતેશકુમાર ૯૨.૧૩%
અર્થશાસ્ત્રમાં પ્રથમ ...................................... શેઠ તાત્વિક હિતેશકુમાર ૯૭,
એકાઉન્ટમાં પ્રથમ......................................... શેઠ તાત્વિક હિતેશકુમાર ૯૯
34 ધોરણ ૧૨ પ્રથમ (સામાન્ય પ્રવાહ)................ લિયા માધવી અંબરીશકુમાર ૯૧.૪૬%
ધોરણ ૧૨ બધા પ્રવાહોમાં બહેનોમાં પ્રથમ ...... લિયા માધવી અંબરીશકુમાર ૯૧.૪૬%
આંકડા શાસ્ત્રમાં પ્રથમ લિયા માધવી અંબરીશકુમાર ૯૮ (૬૮૬/૭૫૦)
વાણિજ્ય સંચાલનમાં પ્રથમ............................ લિયા માધવી અંબરીશકુમાર ૯૯

35 ધોરણ ૧૦ માં પ્રથમ.................................... દેસાઈ શ્રદ્ધા કિરણભાઈ ૯૬%
ધોરણ ૧૦ માં બહેનોમાં પ્રથમ........................ દેસાઈ શ્રદ્ધા કિરણભાઈ
ધોરણ ૧૦ માં ગુજરાતીમાં પ્રથમ.................... દેસાઈ શ્રદ્ધા કિરણભાઈ ૯૩
ધોરણ ૧૦ માં ગણિતમાં પ્રથમ ....................... દેસાઈ શ્રદ્ધા કિરણભાઈ ૯૯ (બેઝિક ગણિત),

36 ધોરણ ૧૦ માં બીજા.................................... શાહ તત્વજ્ઞ પરાગભાઇ
ધોરણ ૧૦ માં ભાઈઓમાં પ્રથમ...................... શાહ તત્વજ્ઞ પરાગભાઇ ૯૫.૩૩%
ધોરણ ૧૦ માં અંગ્રેજીમાં પ્રથમ....................... શાહ તત્વજ્ઞ પરાગભાઇ ૯૯
ધોરણ ૧૦ માં ગણિતમાં પ્રથમ ....................... શાહ તત્વજ્ઞ પરાગભાઇ ૧૦૦ (સ્ટાન્ડર્ડ ગણિત)"

37 ધોરણ ૧૦ માં ત્રીજા.................................... વૈષ્ણવ અનુજ પ્રદ્યોત ૯૪.૩૩%
ધોરણ ૧૦ માં અંગ્રેજીમાં ત્રીજા........................ વૈષ્ણવ અનુજ પ્રદ્યોત ૯૬(૫૬૬/૬૦૦)
ધોરણ ૧૦ માં સમાજશાસ્ત્ર/ભૂગોળમાં પ્રથમ..... વૈષ્ણવ અનુજ પ્રદ્યોત ૧૦૦
ધોરણ ૧૦ માં સંગીતમાં પ્રથમ ....................... વૈષ્ણવ અનુજ પ્રદ્યોત ૯૪

38 ધોરણ ૯ માં પ્રથમ ...................................... મહેતા યેશા અનિલકુમાર ૯૫.૭૧%
ધોરણ ૯ માં બહેનોમાં પ્રથમ ......................... મહેતા યેશા અનિલકુમાર ૯૫.૭૧%
ધોરણ ૯-૧૦ માં નિબંધ સ્પર્ધામાં પ્રથમ .......... મહેતા યેશા
ધોરણ ૯ માં સંસ્કૃતમાં પ્રથમ......................... મહેતા યેશા અનિલકુમાર ૧૦૦
ધોરણ ૯ માં હિન્દીમાં પ્રથમ .......................... મહેતા યેશા અનિલકુમાર ૯૫

## ડિપ્લોમા ઇન એલિમેંટરી એજ્યુકેશન (પી.ટી.સી. કોલેજ)

૧ પી.ટી.સી. માં પ્રથમ .................................... ઠાકોર વખતસિંહ મનોરજી

## કોલેજ ઓફ એજ્યુકેશન (જી.બી.ટી.સી. કોલેજ)

૧ બી. એડ માં પ્રથમ ....................................... શ્રી જાની કૃપા વિરેન્દ્રકુમાર

## ફાઇન આર્ટ્સ કોલેજ

| ક્રમ | ઈનામ ની વિગત | વિદ્યાર્થીનું નામ |
|---|---|---|
| ૧ | એ.ટી.ડી. માં પ્રથમ | નેહા રાકેશ વિશ્વકર્મા |
| ૨ | શિલ્પ માં પ્રથમ | સ્તુતિ ચિરાગ શાહ |
| ૩ | પેઇન્ટિંગ માં પ્રથમ | ધ્રુવીલ એમ. બવાડિયા |
| ૪ | પેઇન્ટિંગ માં બીજા | વિવેક વ્યોમેશ અગ્રવાલ |
| ૫ | પેઇન્ટિંગ માં ત્રીજા | ભક્તિ મગનભાઇ જેઠવા |
| ૬ | પેઇન્ટિંગ માં ચોથા | હર્ષીલ ધર્મેન્દ્ર સોની |
| ૭ | કોમ. આર્ટ માં પ્રથમ | "હેતાંશી હરેશ ગજ્જર<br>નિધી મયુરભાઈ પંચાલ " |

## શેઠ સી.એન. ટેકનિકલ સેન્ટર

| નં. | ઈનામ ની વિગત | વિદ્યાર્થીનું નામ |
|---|---|---|
| ૧ | સિવિલ ડ્રાફ્ટમેન માં પ્રથમ | મેવાડા વિપુલકુમાર રમણલાલ |
| ૨ | મિકેનિકલ ડ્રાફ્ટમેન માં પ્રથમ | પરિખ કુશ વિપુલભાઈ |
| ૩ | ઇલેક્ટ્રિકલ સર્વિસ ટેક્નિ. માં પ્રથમ | બુહા શુભમ હરેશભાઈ |
| ૪ | ઇલેક્ટ્રિકલ ઈન્સ્ટો. વાયરિંગ & જોઈ. માં પ્રથમ | પંચાલ વિશાલ નવીનભાઈ |

## SHETH C N ENGLISH MEDIUM SCHOOL

### ACADEMIC

| | | | |
|---|---|---|---|
| 1 | V - A | YASVI BHAGAT | 90.8 |
| 2 | V- B | PRANVI KACHHY | 95.7 |
| 3 | VI - A | KRIYA ANDHARIA | 91 |
| 4 | VI - B | DELISHA PATEL | 93.9 |
| 5 | VII - A | MOKSHIT JAIN | 91.5 |
| 6 | VII - B | KAVISH A. SHAH | 91.4 |
| 7 | VIII - A | SHIVEN SOLANKI | 90 |
| 8 | VIII - B | REYANSH SHAH | 91.8 |
| 9 | IX - A | VRISHA VYAS | 93.7 |
| 10 | IX - B | ARCHIE SHAH | 92.7 |
| 11 | FIRST IN X | HIRNA KACHHY | 97.2 |
| 12 | SECOND IN X | HEER SHAH | 96 |
| 13 | XI - SCI | KALP SHAH | 78.4 |
| 14 | XI - HUM | SARA PATEL | 77 |
| 15 | XI - COM | YUVRAJ YADAV | 84.3 |
| 16 | XII - SCI | YUG PUROHIT | 95.6 |
| 17 | XII - HUM | NUPUR VYAS | 96.6 |
| 18 | XII - COM | AFFANKHAN PATHAN | 94 |

### CO-CURRICULAR ACTIVITIES

**ELOCUTION COMPETITION**

| | | | |
|---|---|---|---|
| 19 | 8 - B | DITI BHUVA | 1ST - AGNI HOUSE |
| 20 | 8 - B | DHAIRYA MOTIWALA | 1ST - JAL HOUSE |
| 21 | 8 - A | TRISHA THAKKAR | 1ST - PRITHVI HOUSE |
| 22 | 8 - A | JAINI H. SHAH | 1ST - VAYU HOUSE |

**DEBATE COMPETITION**

| | | | |
|---|---|---|---|
| 23 | 9 - B | MANUSHI TRIVEDI | 1ST - AGNI HOUSE |
| 24 | 12 - HUM | SUJAL SINGHI &<br>SANIKA VAHORA | 1ST - JAL HOUSE |
| 25 | 12 - HUM | DEVANSH KASHYAP | 1ST - PRITHVI HOUSE |
| 26 | 12 - HUM | MISHRI VORA | 1ST - VAYU HOUSE |

### ACHIEVED CENT PERCENT MARKS IN BOARD

| | | |
|---|---|---|
| 27 | XII - SC. | YUG PUROHIT |
| 28 | XII - SC. | KUSH GOHIL |
| 29 | XII - HUM | NUPUR VYAS |
| 30 | XII - HUM | HEER BHATT |
| 31 | XII - HUM | APURVA NAYAK |
| 32 | XII - HUM | MISHRI VORA |
| 33 | XII - HUM | AGARWAL LACHMI |
| 34 | XII - HUM | SHAH HIRVA |
| 35 | XII - HUM | SUTHAR RIDDHI |

## મારો આજનો અનુભવ

તાઃ ૦૨/૦૭/૨૦૨૩ ના રોજ શેઠ સી.એન. કુમાર-કન્યા છાત્રાલયના વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોને ભૂકંપ, અકસ્માત, આગ, પૂરની પરિસ્થિતિમાં કઈ રીતે બચી શકાય તે અંગેનું પ્રાથમિક માર્ગદર્શન આપવા અંગેનું આયોજન કરેલ હતું જેમાં ગુજરાત રાજ્ય સરકાર તરફથી N.D.R.A.(નેશનલ ડીઝાસ્ટ મેનેજમેન્ટ રીઝર્વ ફોર્સ) સંસ્થા તરફથી શ્રી વિપુલભાઈ દવે અને ગજેન્દ્ર વાઘેલા (દોરડા ગાંઠ), કે.ટી.કોન્ટ્રાકટર(અકસ્માત), દશરથ ધરુતુયા (પૂરગ્રસ્ત માટે), બી.એમ. ઝાલા(ભૂકંપ), ટી.એમ. ટીબલીયા( પ્રાથમિક જ્ઞાન) એમ તેમની ૬ સભ્યોની ટીમ તેમજ સંસ્થાના ગૃહપિતા મહેન્દ્રભાઇ, સંજયભાઈ અને ગૃહમાતા ઉષાબહેન, નીતાબહેન ઉપસ્થિત રહયા હતા.

N.D.R.A. સંસ્થાના સભ્યો દ્વારા ભૂકંપ આવે ત્યારે કોઈપણ વ્યક્તિ એ મોટા વૃક્ષો, બિલ્ડીંગ નીચે ઉભા રહેવું જોઈએ નહીં તેમજ ઘરમાં પણ ટેબલ નીચે કે અન્ય કોઈ જગ્યા એ માથુ બચી જાય તેવા સ્થાને જતું રહેવું. આગ લાગે ત્યારે બહુમાળી મકાનમાંથી બહાર નીકળવા રસ્સીનો ઉપયોગ તેમજ રસ્સી બાંધી ઉતરવું. રસ્સીની ગાંઠ કઈ રીતે વાળવી, બાંધવી જેવા વિવિધ કરતબ શીખવ્યા હતા.

અચાનક વ્યક્તિને હાર્ટ એટેક આવે ત્યારે પ્રાથમિક સારવાર તરીકે તેના હ્રદય પર કઈ પોઝીશનમાં પંમ્પિંગ કરવું તેમજ ડુબતા માણસને કઈ રીતે બચાવવો વગેરેનું ઝીણવટ પૂર્વક માર્ગદર્શન આપ્યું હતું.

આ માર્ગદર્શન દ્વારા અમને વિદ્યાર્થીઓને ઘણું શીખવા મળ્યું હતું.

દુર્ગા જે. વસાવા, ધો.-૯(અ) વિદ્યાલય, કન્યા છાત્રાલય

# માણેકબા પારિતોષિક સમારોહ વર્ષ ૨૦૨૨-૨૩



તા. ૨૩/૦૯/૨૦૨૩ને શનિવારના રોજ ‘સ્નેહરશ્મિ’ પ્રાર્થના મંદિરમાં શેઠ સી. એન. કિશોર વિદ્યાલય તથા શેઠ સી. એન. બાલ વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે વર્ષ ૨૦૨૨-૨૩નો માણેકબા પારિતોષિક વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો.

જેમાં મુખ્ય અતિથિ તરીકે શાળાના પૂર્વ વિદ્યાર્થી તથા ફાઉન્ડર મેમ્બર નિરમા વિદ્યાવિહારના શ્રી વત્સલભાઈ વૈષ્ણવ (CA) હાજર રહ્યા. સંસ્થાના ટ્રસ્ટીશ્રી એસ. કે. શાહ, શ્રી હિતેન્દ્ર ત્રિવેદી (નિયામકશ્રી ગુજરાતી માધ્યમ) તથા બંને શાળાના આચાર્યો શ્રી ચંદ્રભૂષણ પાસી તથા શ્રી હેતલ ભટ્ટ હાજર રહ્યાં.

ધોરણ ૩ થી ૫ માં દરેક ધોરણમાં પ્રથમ, બહેનોમાં પ્રથમ, ચિત્ર તથા મૃદુલાબેન સુગમ સંગીત સ્પર્ધામાં પ્રથમ, શાળાના શ્રેષ્ઠ વિદ્યાર્થીને ઇનામ આપી બિરદાવવામાં આવ્યા.

કિશોર વિદ્યાલયમાંથી (ધોરણ ૬ થી ૮) સમગ્ર શાળામાં શ્રેષ્ઠ વિદ્યાર્થી, બધા ધોરણમાં પ્રથમ, બહેનોમાં પ્રથમ, બધા જ વિષયોમાં પ્રથમ, ચિત્ર, સંગીત, સિવણ, સુથારી, વકૃત્વ, મૃદુલાબેન પરીખ સુગમ સંગીત સ્પર્ધામાં પ્રથમ આવેલ વિદ્યાર્થીઓને પારિતોષિક એનાયત કરી બિરદાવવામાં આવ્યા. શ્રી વત્સલ વૈષ્ણવે વાર્તા તથા દ્રષ્ટાંત દ્વારા વિદ્યાર્થીઓને જીવનના મૂલ્યો સમજાવ્યા તથા પ્રોત્સાહન પુરૂ પાડયું.

શ્રી ચંદ્રભૂષણ આર. પાસી, આચાર્ય, શેઠ ચી. ન. કિશોર વિદ્યાલય

## માણેકબા પારિતોષિક વિજેતાઓની યાદી

### કિશોર વિદ્યાલય

| નં. | ઈનામ ની વિગત | વિદ્યાર્થીનું નામ |
|---|---|---|
| 1 | ધોરણ-૮ માં પ્રથમ | ભટ્ટ વૈશ્વી ચિંતન 8D |
| | ધોરણ-૮ માં બહેનોમાં પ્રથમ | " |
| | ધોરણ-૮ માં અંગ્રેજીમાં પ્રથમ | " |
| | ધોરણ-૮ માં ગુજરાતીમાં પ્રથમ | " |
| | ધોરણ-૮ માં હિન્દીમાં પ્રથમ | " |
| | ધોરણ-૮ માં ગણિતમાં પ્રથમ | " |
| | ધોરણ-૮ માં વિજ્ઞાનમાં પ્રથમ | " |
| 2 | ધોરણ-૮ માં ગુજરાતીમાં પ્રથમ | બક્ષી વરદા પ્રશાંત 8B |
| | ધોરણ-૮ માં સંસ્કૃતમાં પ્રથમ | " |
| | ધોરણ-૮ માં હિન્દીમાં પ્રથમ | " |
| | કિશોર વિદ્યાલયમાં શ્રેષ્ઠ બહેનોમાં | " |
| | કિશોર વિદ્યાલયમાં ચિત્રમાં પ્રથમ બહેનોમાં | " |
| | કિશોર વિદ્યાલયમાં વકૃત્વમાં પ્રથમ બહેનોમાં | " |
| 3 | "ધોરણ ૮ માં અંગ્રેજીમાં પ્રથમ " | દવે જયની નીરજકુમાર 8C |
| | "ધોરણ ૮ માં સમાજશાસ્ત્રમાં પ્રથમ " | " |
| 4 | ધોરણ ૬ માં પ્રથમ | શાહ કાવ્યા રિતેશ 6B |
| | ધોરણ ૬ માં બહેનોમાં પ્રથમ | " |
| | કિશોર વિદ્યાલયમાં મૃદુલાબેન પરીખ | " |
| | સંગીત સ્પર્ધામાં પ્રથમ બહેનોમાં | " |
| 5 | ધોરણ ૮ માં સંગીતમાં પ્રથમ | ભટ્ટ વેદ સંદિપભાઈ 8B |
| 6 | ધોરણ ૭ માં પ્રથમ | શાહ પાર્શ્વ હર્ષિતકુમાર 7D |
| 7 | ધોરણ ૭ માં બહેનોમાં પ્રથમ | ખાંટ ધ્રુવી નિકુંજભાઈ 7D |
| 8 | ધોરણ ૭ માં સંગીતમાં પ્રથમ | મકવાણા આર્યા વિપિનભાઈ 7D |
| 9 | ધોરણ ૬ માં સંગીતમાં પ્રથમ | ચૌહાણ આસ્થા રવિભાઈ 6C |
| 10 | કિશોર વિદ્યાલયમાં શ્રેષ્ઠ ભાઈઓમાં | છાયા દર્શિલ ગૌરવ 8D |
| 11 | કિશોર વિદ્યાલયમાં ચિત્રમાં પ્રથમ ભાઈઓમાં | ટાંક ઇશાન ભાવિનભાઈ 8E |
| 12 | કિશોર વિદ્યાલયમાં મૃદુલાબેન પરીખ સંગીત સ્પર્ધામાં પ્રથમ ભાઈઓમાં | દેસાઈ કેનીલ લાલજીભાઈ 8E |
| 13 | કિશોર વિદ્યાલયમાં સીવણમાં શ્રેષ્ઠ | ભગરે રાજવી ગૌરાંગભાઈ 8B |
| 14 | કિશોર વિદ્યાલયમાં સુથારીમાં શ્રેષ્ઠ | ખુમાણ આદિત્ય કેતનભાઈ 8E |

### બાલ વિદ્યાલય

| નં. | ઈનામ ની વિગત | વિદ્યાર્થીનું નામ |
|---|---|---|
| 1 | ધોરણ-5 માં પ્રથમ | પરીખ ધ્રુવ નૈનેશ 5A |
| 2 | ધોરણ-5 માં બહેનોમાં પ્રથમ | ચૌધરી હિમાંશી અશોકભાઈ 5A |
| 3 | ધોરણ-5 માં સંગીતમાં પ્રથમ | વોરા મહાક્ષ રાજર્ષિ 5C |
| 4 | ધોરણ-4 માં પ્રથમ | દવે શિવમ નિરજકુમાર 4A |
| 5 | ધોરણ-3 માં પ્રથમ | શાહ દ્વિજા નિધીશ 3C |
| 6 | બાલ વિદ્યાલયમાં ચિત્રમાં શ્રેષ્ઠ | દસલાણીયા તેજસ્વી પ્રફુલભાઈ 5A |
| 7 | બાલ વિદ્યાલયમાં મૃદુલાબેન પરીખ સુગમ સંગીત સ્પર્ધામાં ભાઈઓમાં પ્રથમ | મહેતા માધવ ઉમંગભાઈ 5A |
| 8 | બાલ વિદ્યાલયમાં મૃદુલાબેન પરીખ સુગમ સંગીત સ્પર્ધામાં બહેનોમાં પ્રથમ | સોલંકી પ્રિયલ મહેન્દ્રભાઈ 5B |

# સી. એન. વિદ્યાવિહારમાં કલાધામ પ્રકલ્પ હેઠળ માતૃભાષા સંવર્ધનનો કાર્યક્રમ યોજાયો



જાણીતાં ગુજરાતી કલાકારો આરતી મુનશી (વિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થીની અને વિદ્યાલયના નિવૃત્ત સંગીત શિક્ષક), તથા શ્યામલ - સૌમિલ મુનશી, કલાધામ અને વટ્ટથી ગુજરાતી જેવા પ્રોજેક્ટ દ્વારા આજના સમયમાં બાળકો અને યુવાનો ગુજરાતી ભાષાથી ક્ષોભ કે સંકોચના અનુભવે, એવાં પ્રયત્નો કરી રહ્યાં છે. પોતાની ૫૦ વર્ષની સુરીલી સફર બાદ જીવનનાં આગામી વર્ષોમાં વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા આવનારી પેઢીને માટે કાર્યરત રહેવાનો તેમણે સંકલ્પ કર્યો છે.

કલાધામ પ્રવૃત્તિ હેઠળ પહેલો કાર્યક્રમ ‘‘વરસે વરસાદ વારસાનો’’ તા. ૨૧મી સપ્ટેમ્બરના રોજ પં. દીનદયાળ ઑડિટોરિયમ ખાતે યોજાયો જેમા કુલ ૨૦૦ જેટલાં વિદ્યાર્થીઓએ ૩ કલાકની પ્રસ્તુતિ કરી. આ પ્રવૃત્તિમાં સી. એન. વિદ્યાવિહારની શાળાઓમાંથી ૮૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમણે ૬ ગુજરાતી ગીતો, ૫ કાવ્ય પઠન, ૫ સ્કિટ ઉપરાંત ૩ સમુહ ગીતો રજૂ કર્યા. ભાગ લેનાર બધી સંસ્થોઓમાંથી સી. એન. ના વિદ્યાર્થીઓની પ્રસ્તુતિ સૌથી વૈવિધ્યસભર હતી.

જુન માસમાં સૌ પ્રથમ પ્રાર્થના મંદિરમાં ૨ વાલી મીટીંગ યોજાઈ; જેમા શ્યામલ અને સૌમિલ મુનશીએ વાલીઓ સમક્ષ કલાધામની પ્રવૃત્તિનો પ્રસ્તાવ મૂકયો. આ પછી રસ ધરાવતા વિદ્યાર્થીઓની યાદી તૈયાર કરાઈ. ત્યારબાદ બાળકોનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું અને પસંદ કરેલા બાળકોની તાલીમ જૂલાઈ મહિનાથી શરુ થઈ. લગભગ ૨ મહિનાની તાલીમ દરમિયાન વિદ્યાર્થીઓ એક સામૂહિક પ્રક્રિયામાંથી પસાર થયાં. તેઓએ ગુજરાતી ભાષામાં મિટર પ્રમાણે કાવ્ય પઠન પહેલી વાર કર્યું. ગુજરાતી સુગમ સંગીતના જાણીતા વૃંદગાન શીખ્યાં અને તેની સાથે ગુજરાતી કવિઓ અને સંગીતકારોનો નામ સાથે પરિચિત થયાં. તેઓ વર્ષાઋતુને અનુરૂપ નવા સ્કિટ અને થિએટર શૈલીમાં તેની પ્રસ્તુતિ કરતાં શીખ્યાં.

આ કાર્યક્રમની તૈયારી માટે વિવિધ તજજ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવી હતી. આ આયોજનના કેન્દ્રમાં રજૂઆત, સર્જનશીલતા, દસ્તાવેજીકરણ, પ્રશિક્ષણ અને નિદર્શન - આ વિવિધ પાસાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. શ્યામલ, સૌમિલ, આરતી મુનશી, પ્રહર વોરા, અર્ચન ત્રિવેદી, તેજસ દવે વગેરેનાં માર્ગદર્શનથી તૈયાર થયેલો અને માતૃભાષાની માટીથી મહેકતો આ કાર્યક્રમ એક યાદગાર અનુભવ બની રહ્યો.

તૃપ્તી રાવલ, નિયામક-શેઠ ચી. ન. કલાનિકેતન અને સ્પોર્ટસ્ અકેડમી



# નાટક દ્વારા શિક્ષણ (Drama in Education-DiE) અને અનુભવજન્ય અધ્યયન (Experiential Learning- ExL) કાર્યશાળા



નાટક સર્વગ્રાહી કળા છે. જે નાટકમાં નથી તે ક્યાંય નથી અને જે સમગ્ર બ્રહ્માંડમાં છે તે નાટકમાં છે- એમ ભારત નાટ્યશાસ્ત્રમાં દર્શાવ્યું છે. તેથી જ નાટ્ય એ ઉત્તમ અનુભવ છે. 'નાટક દ્વારા શિક્ષણ' એ સ્વયં અનુભવજન્ય અધ્યયન છે અને અનુભવજન્ય અધ્યયન એ પ્રમાણભૂત અધ્યયન છે. આ બંને અભિગમો કાર્ય કરવાને (DiE), પ્રવૃત્તિ (ExL) ને મહત્વ આપે છે. એટલું જ નહીં, બંને અભિગમોમાં પ્રતિભાવ, પરિપ્રેક્ષ્ય, વિચાર, કલ્પના, રચના અને સર્જનનું મહત્વ છે. સમજ, વિશ્લેષણ અને વિનિયોગનું તો ખરું જ. બંને અભિગમોનાં સિદ્ધાંત અને પ્રક્રિયા છે.

આ બંને અભિગમોનો શિક્ષણની નવી નીતિ ૨૦૨૦ માં સમાવેશ થયો છે. આપણાં પ્રવર્તમાન ગોખણીયા અને પરીક્ષાલક્ષી શિક્ષણને સ્થાને 'નાટક દ્વારા શિક્ષણ' અને 'અનુભજન્ય અધ્યયન અભિગમ'માં વિચાર, વિશ્લેષણ અને સર્જનલક્ષી અધ્યયન-અધ્યાપન પ્રયુક્તિઓનો વિનિયોગ થાય છે. તેથી શિક્ષણપ્રક્રિયા આનંદદાયક, સઘન, અને ચિરસ્થાયી બને છે. આ પ્રવૃત્તિઓ સાથે વિદ્યાર્થી એકાત્મતા અનુભવે છે. તે શરીરસ્થ, મનસ્થ અને કાર્યસ્થ બને છે.

આ પ્રકારના અનેક લાભ હોવાથી પ્રગતિશીલ શાળાઓ, મહાશાળાઓ અને સંસ્થાઓ આ અભિગમો જાણવા અને અપનાવવા ઇચ્છે તે સ્વાભાવિક છે. શેઠ સી. એન. વિદ્યાવિહારમાં સંસ્થાના સલાહકાર-અધ્યક્ષ શ્રી ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજા તથા નિયામક શ્રી. ડૉ. વૈશાલી શાહના માર્ગદર્શન હેઠળ આ કાર્ય ઉપાડી લીધું છે. અને આ નવવિચારાત્મક વિષય પરની બીજી કાર્યશાળાનું આયોજન કર્યું છે. સુરતની વી.ટી.ચોક્સી સાર્વજનિક કૉલિજ ઑફ એડ્યુકેઈશનના પૂર્વ અધ્યાપક ડૉ. વિજય સેવકના માર્ગદર્શન હેઠળ શેઠ સી.એન.તાલીમી વિદ્યાલયમાં ગયા માર્ચ મહિનામાં 'નાટ્ય દ્વારા શિક્ષણ'ની ત્રિ-દિવસીય પ્રારંભિક કાર્યશાળા યોજાઈ હતી.

કાર્યક્રમનો પ્રારંભ ડી.એલ.એડના તાલીમાર્થીઓએ પ્રાર્થના અને ત્યારબાદ આચાર્ય ડૉ.ભગવાન પટેલે આવેલ મહાનુભાવોનું સ્વાગત અને અગાઉની કાર્યશાળાથી શિક્ષણમાં થયેલ ફાયદા વિષે સૌને વાકેફ




કર્યા.ડૉ. વૈશાલી શાહે અનુભવજન્ય અધ્યયન કાર્યશાળા વિષે આગામી નવી નીતિ સંદર્ભે આ કાર્યશાળાની ઉપયોગીતા અંગે માહિતી સાથે ડૉ. વિજય સેવકનો પરિચય આપ્યો હતો. તે નાટ્યકરણ પર કેન્દ્રિત હતી. અત્યારે તા. ૨૫ થી ૨૭ સપ્ટેમ્બર બીજી ત્રિદિવસીય કાર્યશાળા યોજાઈ. તે વિજ્ઞાન વિષયમાં 'નાટક દ્વારા શિક્ષણ' અને 'અનુભવજન્ય અધ્યયન' પર કેન્દ્રિત છે. નવેમ્બર-ડીસેમ્બરમાં આનુષાંગિક ત્રીજી કાર્યશાળા યોજાશે. આ કાર્યશાળાઓમાં શારીરિક-માનસિક મનોયત્નો, રમતો, વિવિધ પ્રવૃત્તિઓ, વાર્તાકથન, નાટકરચના અને રજૂઆતનો સમાવેશ થાય છે. આ કાર્યશાળામાં કુલ ૩૧ શિક્ષકો અને તાલીમાર્થીઓ તે અંગેની તાલીમ લઈ રહ્યા છે.

ડૉ. મિતેષ પટેલ
શેઠ ચી.ન.તાલીમી વિદ્યાલય
(D.El.Ed)